
શ્રીદંગા પાદુકા પૂજન પદ્ધતિ



સંપાદક

પ્રા. કુલીન ઉપાધ્યાય

(રાગ - આસ; તાલ-કહેરવા)

ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં - ધ્રુવ

બ્રહ્માહરિહર મૂર્તિ મનોહર, દંડકમંડલુશોભિત વર કર;
કંથા કૌપીન અક્ષમાલધર, સુરવર ધાયા. - વિઘ્નો૦૧

આનંદાબ્ધિ ઉર છલકાએ, દુઃખનામ ક્યાંયે ન જણાએ;
આધિ વ્યાધિ સહુ મન ગભરાએ, સુકૃત ફાલ્યાં - વિઘ્નો૦૨

વાણી સુધાસમ શી મધુરી આ, જાણે કુસુમો મુખદ્રુમખરિયાં;
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયાં, મનસુખ પામ્યા. - વિઘ્નો૦૩

સ્વાગતની શી કરું તૈયારી ? તનમનધન સહુ તુજ પર વારી !
જ્યાં દેખું ત્યાં તુજ બલિહારી રંગ ચઢાયા !! - વિઘ્નો૦૪

- રંગ અવધૂત

મૈં તો બૈઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે ! - ધ્રુ૦

દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ;
ચૌંદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો !! - મૈં તો૦૧

જાકો તેજ ન વિશ્વ સમાય, ઋષિમુનિ સુરકિન્નર જશ ગાય;
લાગે પાંવ રંક અરુ રાય, આનંદ ઉર ન્હાયો !! - મૈં તો૦૨

કીનો બન ઔદુંબર બાસ, ખેલે આપહી આપે ખાસ;
દેખે જગલીલા ઉદાસ, અમૃત રસ પાયો !! - મૈં તો૦૩

બરનન કર કર થાકે બેદ, સરન ચરન શ્વાન બન લેત;
ભાગે દરસનસે સબ ખેદ, રંગ સુદંગ ભયો !! - મૈં તો૦૪

- રંગ અવધૂત

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'રાહ-રંગપ્રેમની'
આણંદ-૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. : ૯૮૨૪૫ ૦૪૨૦૬.


આવૃત્તિ : ત્રીજી
ગુરુપૂર્ણિમા, ૨૦૬૬
રવિવાર, તા. ૨૫ જુલાઈ, ૨૦૧૦

પ્રત : ૧૦૦૦

સૌજન્ય : અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર

પ્રાપ્તિ સ્થાન : ૧ અવધૂત પુસ્તક ભંડાર, નારેશ્વર
(૦૨૬૬૬-૨૫૩૬૭૧)
૨ ગિરીશભાઈ કા. દવે
૧૧-એ, ન્યુ રાધિકા સોસાયટી, ઈસનપુર, અમદાવાદ.
(મો. : ૯૯૭૯૭ ૩૮૬૬૬)

ત્રીસ રૂપિયા



આશીર્વચન


જેનું સર્વ કાંઇ આશીર્વાદરૂપ છે એવા આપણા ગુરુ મહારાજની ચરણ પાદુકાજીની પૂજન પદ્ધતિના અક્ષરદેહને ધારણકર્તા પુસ્તકને આશીર્વાદ આપવાના હોય જ શા માટે ? એ પુસ્તક જ સર્વ માટે આશીર્વાદરૂપ છે. ગુરુપૂર્ણિમાના અતિ પવિત્ર દિવસે આ પુસ્તકનું પ્રકાશન થાય છે એજ ગુરુમહારાજના આશીર્વાદનું દ્યોતક છે.

આશીર્વાદરૂપ કર્મને મારા અલ્પના આશીર્વાદની જરૂર જ શા માટે પડે ? આવી પૂજન પદ્ધતિ દ્વારા ગુરુ મહારાજની ચરણપાદુકાનું પૂજન કરીને, પાદુકા પૂજનનો જે મુખ્ય હેતુ છે તે આપણા જીવનમાં જીવાય તે જ મહત્ત્વનું છે આવાં પૂજનોથી આપણું જીવન જ એવું બની જાય કે આપણું પ્રત્યેક કર્મ તેની પૂજા બની જાય

ગુરુમહારાજની ચરણ પાદુકાના પૂજન દ્વારા આપણું આચરણ પૂજનરૂપ બને એવી પ્રાર્થના. આથી વધું શું લખું ?


ૐ
પ્રેમ

કોઠિયાખાડ
૧૬-૭-૨૦૧૦



પ. પૂ. શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજ


નારેશ્વર



પ. પૂ. શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજની ચરણ પાદુકા

(નારેશ્વર)

નમો ગુરુભ્યો ગુરુપાદુકાભ્યો નમઃ પરેભ્યઃ પરપાદુકાભ્યઃ ।
આચાર્ય સિદ્ધેશ્વર પાદુકાભ્યઃ નમોઽસ્તુ લક્ષ્મીપતિપાદુકાભ્યઃ ॥



પૂ. પ્રેમઅવધૂતજી
લીંચ

શ્રી ગાયત્રી મંત્રો

૧. ગણપતિ : ૐ એકદન્તાય વિદ્મહે વક્રતુણ્ડાય ધીમહિ । તન્નો દન્તી પ્રચોદયાત્ ।

૨. બ્રહ્મા : ૐ વેદનાથાય વિદ્મહે હિરણ્યગર્ભાય ધીમહિ । તન્નો બ્રહ્મા પ્રચોદયાત્ ।

૩. વિષ્ણુ : ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ । તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્ ।

૪. શિવ : ૐ તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ । તન્નો રુદ્રઃ પ્રચોયદયાત્ ।

૫. દત્તાત્રેય : ૐ દિગંબરાય વિદ્મહે અવધૂતાય ધીમહિ । તન્નો દત્તઃ પ્રચોદયાત્ ।

૬. ઔદુંબર : ૐ ઔદુંબરાય વિદ્મહે કલ્પવૃક્ષાય ધીમહિ । તન્નો દત્તઃ પ્રચોદયાત્ ।

૭. દેવી : ૐ દેવ્યૈ બ્રહ્માણ્યૈ વિદ્મહે મહાશક્ત્યૈ ચ ધીમહિ । તન્નો દેવી પ્રચોદયાત્ ।

૮. રંગાવધૂત : ૐ પાંડુરંગાય વિદ્મહે અવધૂતાય ધીમહિ । તન્નો રંગઃ પ્રચોદયાત્ ।

૯. સૂર્ય : ૐ ભાસ્કરાય વિદ્મહે દ્યુતિકરાય ધીમહિ । તન્નઃ સૂર્યઃ પ્રચોદયાત્ ।

૧૦. નર્મદા : ૐ રુદ્રદેહાયૈ વિદ્મહે મેકલકન્યાયૈ ધીમહિ । તન્નો રેવા પ્રચોદયાત્ ।



સંકટનાશન ગણેશસ્તોત્ર

પ્રણમ્ય શિરસા દેવં ગૌરીપુત્રં વિનાયકં ।
ભક્તાવાસં સ્મરેન્ નિત્યં આયુઃકામાર્થસિદ્ધયે ॥ ॥૧॥

પ્રથમં વક્રતુંડં ચ એકદન્તં દ્વિતીયકમ્ ।
તૃતીયં કૃષ્ણપિંગાક્ષં ગજવક્ત્રં ચતુર્થકમ્ ॥ ॥૨॥

લંબોદરં પંચમં ચ ષષ્ઠં વિકટમેવ ચ ।
સપ્તમં વિઘ્નરાજં ચ ધૂમ્રવર્ણં તથાષ્ટમમ્ ॥ ॥૩॥

નવમં ભાલચંદ્રં ચ દશમં તુ વિનાયકમ્ ।
એકાદશં ગણપતિં દ્વાદશં તુ ગજાનનમ્ ॥ ॥૪॥

દ્વાદશૈતાનિ નામાનિ ત્રિસન્ધ્યં યઃ પઠેન્નરઃ ।
ન ચ વિઘ્નભયં તસ્ય સર્વસિદ્ધિર્ ભવેદ્ ધ્રુવમ્ ॥ ॥૫॥

વિદ્યાર્થી લભતે વિદ્યાં ધનાર્થી લભતે ધનમ્ ।
પુત્રાર્થી લભતે પુત્રાન્ મોક્ષાર્થી લભતે ગતિમ્ ॥ ॥૬॥

જપેદ્ ગણપતિસ્તોત્રં ષડ્ભિર્માસૈઃ ફલં લભેત્ ।
સંવત્સરેણ સિદ્ધિં ચ લભતે નાત્ર સંશયઃ ॥ ॥૭॥

અષ્ટેભ્યો બ્રાહ્મણેભ્યશ્ચ લિખિત્વા યઃ સમર્પયેત્ ।
તસ્ય વિદ્યા ભવેત્ સર્વા ગણેશસ્ય પ્રસાદતઃ ॥ ॥૮॥

શ્રી ગણેશસ્તુતિ

ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ[1] ગણરાજ,
આપો સન્મતિ મોરયા[2] જેથી સુધરે કાજ. ૧

અનારંભ આરંભ તું મૂળારંભ મહેશ,
નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ. ૨

'અણોરણીયાન્'[3] શ્રુતિ કથે, મૂષકવાહન દેવ,
મહાકાય 'મહતો મહીયાન્'[4] કરે સહુ સેવ. ૩

અનંત કોટિ બ્રહ્માંડ જે શમવ્યાં ઉદરની માંહ્ય,
લંબોદર તુજને કહ્યો, શ્રુતિ સ્મૃતિ જશ ગાય. ૪

વક્ર-પાપખંડન થકી વક્રતુંડ કહેવાય,
વક્રોક્તિપ્રિય ગણપતિ લળી લળી લાગું પાય. ૫

નિરાકાર સાકાર તું, નિર્ગુણ સગુણ ગુણેશ,
નિરાધાર આધાર તું, સર્વાધાર ગણેશ. ૬

મૂલાધારે તું વસે, કરે મતિ પ્રકાશ,
ગુરુલીલા ગાવા કરી, કરો પૂર્ણ જે આશ. ૭

ભક્ત ભાવાનારૂપ તું, ધરે રૂપ અનેક,
સર્વ રૂપ તુજનાં પ્રભો, આદિ અંત તું એક. ૮

૧. ચરણ કમળ, ૨. ગણપતિ, ૩. સૂક્ષ્મથીએ સૂક્ષ્મ ૪. મહાનથી એ મહાન.

ગજવદન ૐકાર તું સર્પમેખલા ચિત્ર,
નાગ જનોઈ કોટમાં પીતાંબર પવિત્ર. ૯

એકદંત તુજનો અતિ ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ,
હરણ કરી અજ્ઞાનનું, કાપે ભવના પાશ. ૧૦

સકલ દેવ તુજને નમે, કાર્યારંભે ધન્ય,
વિઘ્નવિનાયક સંહરો કાંઈ ન માગું અન્ય. ૧૧

દાન ચતુર્ધા મુક્તિનું, કરો હાથથી ચાર,
જય ગૌરીસુત જય નમું આપો વિમલ વિચાર. ૧૨

'ગુરુલીલામૃત' ગ્રંથ આ, કરો પૂર્ણ નિર્વિઘ્ન,
જ્ઞાનદીપ પ્રજ્વાળીને, હરો તિમિર અરિઘ્ન[1] ૧૩

મતિહીણો હું નવ લહું, કાવ્યશાસ્ત્ર વિચાર,
કરો કોડ પૂરા પ્રભો, મનવાંચ્છિત દેનાર. ૧૪

સિદ્ધિબુદ્ધિદાતા તમે બાળક હું ઉદ્દામ[2],
નવ જાણું બીજું કશું કરું અનન્ય પ્રણામ. ૧૫

બુદ્ધ્યાવરણ નિવારીને, દેખાડો નિજ રૂપ,
નાસે ભ્રાંતિ જે થકી, થાય શુષ્ક ભવકૂપ. ૧૬

રંગ અવધૂત
(નારેશ્વર)

•

૧. શત્રુઓનો નાશ કરનાર
૨. ઉચ્છૃંખલ, કોઈપણ જાતના ભાન વગરનો.

દેવપૂજન

હરિઃૐ

શ્રી ગણેશાય નમઃ ।
શ્રી સરસ્વત્યૈ નમઃ ।
દ્રાં દત્તાત્રેયાય નમઃ ।

તિલક : યજમાનભાલે મંગલતિલકં કુર્યાત્ ।
સ્વસ્તિ ન ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ
સ્વસ્તિ નઃ પૂખા વિશ્વવેદાઃ ।
સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ
સ્વસ્તિ નો બ્રેહસ્પતિર્દધાતુ ॥ ॥૧॥

ૐ ગણાનાન્ત્વા ગણપતિ ગૂં હવામહે
પ્રિયાણાન્ત્વા પ્રિયપતિ ગૂં હવામહે
નિધીનાન્ત્વા નિધિપતિ ગૂં હવામહે
વસો મમ ।
આહમજાનિ ગર્ભધમા ત્વમજાસિ ગર્ભધમ્ । ॥૨॥

મંત્રાર્થાઃ સફલાઃ સન્તુ સન્તુ પૂર્ણા મનોરથાઃ ।
શત્રૂણાં બુદ્ધિનાશોઽસ્તુ મિત્રાણામુદયસ્તવ ॥ ॥૩॥

યાવદ્ ભાગીરથી ગંગા યાવદ્ દેવો મહેશ્વરઃ ।
યાવદ્ વેદાઃ પ્રવર્તન્તે તાવત્ ત્વં વિજયી ભવ ॥ ॥૪॥

સ્વસ્તિસ્તુ યાઽવિનાશાખ્યા
પુણ્યકલ્યાણવૃદ્ધિદા ।
વિનાયકપ્રિયા નિત્યં
ત્વાં ચ સ્વસ્તિં બ્રુવન્તુ નઃ ॥ ॥૫॥

યા શ્રીઃ સ્વયં સુકૃતિનાં ભવનેષ્વલક્ષ્મીઃ
પાપાત્મનાં કૃતધિયાં હૃદયેષુ બુદ્ધિઃ ।
શ્રદ્ધા સતાં કુલજનપ્રભવસ્ય લજ્જા
તાં ત્વાં નતાઃ સ્મ પરિપાલય દેવિ વિશ્વમ્ ॥ ॥૬॥

ૐ ભદ્રં કર્ણેભિઃ શ્રેણુયામ દેવા
ભદ્રં પશ્યેમાક્ષભિર્જજત્રાઃ ।
સ્થિરૈરંગૈસ્તુષ્ટુવાગ્ગું સસ્તનૂભિ-
વ્યશેમહિ દેવહિતં જદાયુઃ ॥ ॥૭॥

શતમિન્નુ શરદો અન્તિ દેવા જત્રા નશ્ચકા જરસન્તનૂનામ્ ।
પુત્રાસો જત્ર પિતરો ભવન્તિ મા નો મધ્યા રીરિખતાયુર્ગન્તોઃ ॥

કંકણબંધનમ્ : યેન બદ્ધો બલીરાજા દાનવેન્દ્રો મહાબલઃ ।
તેન ત્વામ્ અભિબધ્નામિ રક્ષે! મા ચલ મા ચલ ॥

પ્રાણાયામ : પ્રાણાયામ (પુરુષ)
જપ (સ્ત્રી)
ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ (સોળવાર જપ કરવા)
અથવા
ૐ નમો ભગવતે વાસુદેવાય (બાર વાર જપ કરવા)

આચમન : હરિઃ ૐ કેશવાય નમઃ સ્વાહા
ૐ નારાયણાય નમઃ સ્વાહા
ૐ માધવાય નમઃ સ્વાહા
ૐ ગોવિંદાય નમઃ ઈતિ હસ્તપ્રક્ષાલનમ્ । (હાથ ધોવા)

•

દેવતા નમસ્કાર

ૐ શ્રીમન્ મહાગણાધિપતયે નમઃ
શ્રીગુરુભ્યો નમઃ
પરમગુરુભ્યો નમઃ
પરમેષ્ઠિગુરુભ્યો નમઃ
લક્ષ્મીનારાયણાભ્યાં નમઃ
ઉમામહેશ્વરાભ્યાં નમઃ
શચીપુરન્દરાભ્યાં નમઃ
માતા-પિતૃચરણકમલેભ્યો નમઃ

ૐ ઈષ્ટદેવતાભ્યો નમઃ
કુલદેવતાભ્યો નમઃ
સ્થાનદેવતાભ્યો નમઃ
ગ્રામદેવતાભ્યો નમઃ
વાસ્તુદેવતાભ્યો નમઃ
વાણીહિરણ્યગર્ભાભ્યાં નમઃ
સર્વેભ્યો દેવેભ્યો નમઃ
સર્વેભ્યો બ્રાહ્મણેભ્યો નમઃ

ૐ એતત્ કર્મપ્રધાનદેવતા-શ્રીસદ્‌ગુરુપાદુકાભ્યાં નમઃ
શ્રીઆદિત્યાદિ-નવગ્રહદેવતાભ્યો નમઃ

(યજમાને બોલવું)

ૐ પુણ્યં પુણ્યાહં દીર્ઘમાયુરસ્તુ ઈતિ ભવન્તો બ્રુવન્તુ ।

(બ્રાહ્મણોએ બોલવું)

ૐ પુણ્યં પુણ્યાહં દીર્ઘમાયુરસ્તુ ॥

•

સુમુખશ્ચૈકદન્તશ્ચ કપિલો ગજકર્ણકઃ ।
લંબોદરશ્ચ વિકટો વિઘ્ननાશો વિનાયકઃ ॥ ॥૧॥

ધૂમ્રકેતુર્ગણાધ્યક્ષો ભાલચન્દ્રો ગજાननઃ ।
દ્વાદશૈતાનિ નામાનિ યઃ પઠેચ્ શ્રૃણુયાદપિ ॥ ॥૨॥

વિદ્યારંભે વિવાહે ચ પ્રવેશે નિર્ગમે તથા ।
સંગ્રામે સંકટે ચૈવ વિઘ્નસ્તસ્ય ન જાયતે ॥ ॥૩॥

શુકલાંબરધરં દેવં શશિવર્ણં ચતુર્ભુજમ્ ।
પ્રસન્નવદનં ધ્યાયેત્ સર્વવિઘ્નોપશાન્તયે ॥ ॥૪॥

અભીપ્સિતાર્થ-સિદ્ધ્યર્થં પૂજિતો યઃ સુરાસુરૈઃ।
સર્વવિઘ્નહરસ્તસ્મૈ ગણાધિપતયે નમઃ ॥ ॥૫॥

વક્રતુણ્ડ મહાકાય સૂર્યકોટિસમપ્રભ ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા ॥ ॥૬॥

સર્વ-મંગલ-માંગલ્યે શિવે સર્વાર્થ-સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥ ॥૭॥

સર્વદા સર્વકાર્યેષુ નાસ્તિ તેષામમંગલમ્ ।
યેષાં હૃદિસ્થો ભગવાન્ મંગલાયતનો હરિઃ ॥ ॥૮॥

લાભસ્તેષાં જયસ્તેષાં કુતસ્તેષાં પરાજયઃ ।
યેષામિન્દીવરશ્યામો હૃદયસ્થો જનાર્દનઃ ॥ ॥૯॥

વિનાયકં ગુરું ભાનું બ્રહ્મવિષ્ણુમહેશ્વરાન્ ।
સરસ્વતીં પ્રણમ્યાદૌ સર્વકાર્યાર્થ-સિદ્ધયે ॥ ॥૧૦॥

તદેવ લગ્નં સુદિનં તદેવ
તારાબલં ચંદ્રબલં તદેવ ।
વિદ્યાબલં દૈવબલન્તદેવ
લક્ષ્મીપતે તેંઽઘ્રિયુગમ્ સ્મરામિ ॥ ॥૧૧॥

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયોભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ॥૧૨॥

સર્વેષ્વારબ્ધકાર્યેષુ ત્રયસ્ત્રિભુવનેશ્વરાઃ ।
દેવા દિશન્તુ નઃ સિદ્ધિમ્ બ્રહ્મેશાનજનાર્દનાઃ ॥ ॥૧૩॥

રમોમાનનપદ્માર્ક - પાદપદ્મમુપાસ્મહે ।
યત્ સૌરભં સમાઘ્રાય ધાવન્તિ વિબુધાલયઃ ॥ ॥૧૪॥

શ્રીદત્તઃ શરણં મમેતિ ગદતો દત્તં સદા ધ્યાયતો
દત્તેનાહત-ચેતસઃ કિમુ ભયં દત્તાય તુભ્યં નમઃ ।
દત્તાક્રાંતમિદં ચરાચરમરં દત્તસ્ય દામ્નિ સ્થિતં
દત્તે ચૈવ વિલીયતે સરભસં ભો દત્ત કસ્ત્વત્પરઃ ॥ ॥૧૫॥

પાખંડમાર્ગગિરિરાજપવિમ્ વદાન્યમ્
યોગીન્દ્ર-વન્દ્યમચલં ખલુ ધૈર્યવૃત્તેઃ ।
મોહાસુરપ્રમથનાય ધૃતાવતારં
તં શંકરં પરમહં શરણં પ્રપદ્યે ॥ ॥૧૬॥

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।

સંકલ્પ

ૐ શ્રીવિષ્ણુર્વિષ્ણુર્વિષ્ણુઃ
શ્રીમદ્ ભગવતો મહાપુરુષસ્ય આજ્ઞયા પ્રવર્તમાનસ્યાદ્ય બ્રહ્મણો
દ્વિતીયે પરાર્ધે, શ્રીશ્વેતવારાહકલ્પે, વૈવસ્વત-મન્વન્તરે, અષ્ટાવિંશતિતમે
કલિયુગે, કલિપ્રથમચરણે, ભૂર્લોકે, ભરતખંડે, જંબુદ્વીપે દંડકારણ્યે,
આર્યવર્તાન્તર્ગત બ્રહ્માવર્તૈકદેશે, કન્યાકુમારિકાનામ્નિ ક્ષેત્રે
શ્રીનર્મદાયાઃ ઉત્તરે તીરે, શ્રીસાબરમત્યાઃ પશ્ચિમે તીરે બૌદ્ધાવતારે,
શ્રીશાલિવાહનશકે..... અધિક દ્વિસહસ્ર સંખ્યે.... નામ્નિ સંવત્સરે
ઉત્તરાયણે/દક્ષિણાયને.....ઋતૌ માસોત્તમે માસે શુભકારિક-પવિત્ર
.....માસે શુક્લ/કૃષ્ણ પક્ષે.....તિથૌ.....વાસરે.....નક્ષત્રે
.....રાશિસ્થિતે શ્રીસૂર્યે, રાશિસ્થતે શ્રીચંદ્રે.....રાશિસ્થિતે
શ્રીદેવગુરૌ શેષેષુ ગ્રહેષુ યથાયથં રાશિસ્થાનસ્થિતેષુ સત્સુ, એવં
ગ્રહગણ વિશેષણ વિશિષ્ટાયાં શુભપુણ્યતિથૌ,...ગોત્રોત્પન્નઃ
....પ્રવરાન્વિતઃ,.....વેદાન્તર્ગત માધ્યંદિનિ શાખાધ્યાયી,
.....શર્માહં (સપત્નીકઃ) અત્રમિલિત
સકલજનાનાં તત્ તદ્ દુઃખ નિવારણાર્થં, સ્થાનમાહાત્મ્યવૃદ્ધ્યર્થં ચ
ત્રયસ્ત્રિંશત્ કોટિ દેવતા સ્વરૂપ બ્રહ્માહરિહરાત્મક
શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી, શ્રીમદ્ રંગાવધૂત નામક શ્રીમદ્ અત્ર્યનસૂયાનંદન
શ્રી દત્તાત્રેયાવધૂત પરમપ્રસાદસિદ્ધ્યર્થં, પૂર્વસંકલ્પાનુસારં
યથામિલિતોપચારદ્રવ્યૈઃ, શ્રીસદ્ગુરુપાદુકાપૂજનં અહં કરિષ્યે ।

તદંગભૂતં આસનવિધિં, દિગ્રક્ષણં, કલાશાર્ચનં ચ અહં કરિષ્યે ।
તત્રાદૌ નિર્વિઘ્નતા-સિદ્ધ્યર્થં પંચદેવતા-સ્મરણં અહં કરિષ્યે ।

રવિવારે - સૂર્યવાસરે
સોમવારે - ચંદ્રવાસરે
મંગળવારે - ભૌમવાસરે
બુધવારે - સૌમ્યવાસરે
ગુરુવારે - બૃહસ્પતિવાસરે
શુક્રવારે - ભૃગુવાસરે
શનિવારે - મન્દવાસરે
શનૈશ્ચરવાસરે
ઉત્તરાયણ : ૧૪/૧ થી ૧૪/૭
દક્ષિણાયન : ૧૫/૭ થી ૧૩/૧

પંચદેવતાસ્મરણમ્

શ્રીગણેશસ્તુતિ

ગણેશો નસ્ત્રાતા ભજ ભજ ગણેશં મનુજ હે
ગણેશેન વ્યાપ્તઃ કુરુ કુરુ ગણેશાય ચ નતિમ્ ।
ગણેશાન્નો ભૂતિર્ભવ ભવ ગણેશસ્ય હિ શિશુર્
ગણેશે લીનઃ સ્યા હર હર ગણેશાઘમખિલમ્ ॥ ॥૧॥

શ્રીદત્તસ્તુતિ

શ્રીદત્તઃ કલિતારકો ભુવિ નૃણામ્ દત્તં સ્મેરદ્ યત્નતો
દત્તેનાપ્તબલઃ સદા વિજયતે દત્તાય મે જીવનમ્ ।
દત્તાદ્ ભુક્તિરથાપિ મુક્તિરમલા દત્તસ્ય ભર્ગોઽમિતં
દત્તે બ્રહ્મણિ લીયતાં મન ઈદં દત્તાસતઃ સન્નય ॥ ॥૨॥

શ્રીશિવસ્તુતિ

શિવ એવ પરઃ શિવમેવ ભજે
સદૃશં ન શિવેન શિવાય નમઃ ।
ન શિવાદધિકં શિશુરસ્મિ શિવસ્ય
શિવે મન એતુ સદાઽવ શિવ ॥ ॥૩॥

શ્રીદેવીસ્તુતિ

દેવી સા સુખદા સદા વિજયતે દેવીં પ્રપદ્યેત ના
દેવ્યા દૈત્યગણાઃ પુરા વિનિહતા દેવ્યૈ મમેદં વપુઃ ।
દેવ્યાઃ સર્ગતતિઃ સ્થિતિર્નુ વિવિધા દેવ્યાશ્ચ દાસં જગદ્
દેવ્યાં રજ્જવહિવદ્ વિભાતિ સકલં હે દેવિ માં મા જહિ ॥ ॥૪॥

શ્રીસૂર્યસ્તુતિ

રવિરેવ હરી રવિમેવ નમેદ્
રવિણા સમિયાદ્ રવયેંઽજલિરામ્ ।
કિમુનાસ્તિ રવેઃ સકલં હિ રવેર્-
લયમેતિ રવૌ શમમેહિ રવે ॥ ॥૫॥

પૃથ્વી-પૂજનમ્

પૃથ્વિ ત્વયા ધૃતા લોકા દેવિ ત્વં વિષ્ણુના ધૃતા ।
ત્વં ચ ધારય માં દેવિ પવિત્રં કુરુ ચાસનમ્ ॥
અનંતાય નમઃ । કૂર્માય નમઃ । શેષાય નમઃ ।

શિખાબંધનમ્

ઊર્ધ્વકેશિ વિરૂપાક્ષિ માંસશોણિત-ભોજને ।
તિષ્ઠ દેવિ શિખાબંધે ચામુંડે હ્યપરાજિતે ॥

નમસ્કાર કરવા

ગં ગણપતયે નમઃ । (જમણા હાથ તરફ)
ગું ગુરુભ્યો નમઃ । (ડાબા હાથ તરફ)

દિગ્બન્ધ

(ડાબા હાથમાં સરસવ અથવા પાણી અને ચંદન લેવું.
તેના પર જમણો હાથ ઢાંકવો)

અપસર્પન્તુ તે ભૂતા યે ભૂતા ભૂમિસંસ્થિતાઃ ।
યે ભૂતા વિઘ્નકર્તારસ્તે નશ્યન્તુ શિવાજ્ઞયા ॥
અપક્રામન્તુ ભૂતાનિ પિશાચાઃ સર્વતો દિશમ્ ।
સર્વેષામ્ અવિરોધેન પૂજાકર્મ સમારભે ॥

વામપાદઘાતત્રયં કુર્યાત્ ।

(પુરુષે પોતાના ડાબા પગની એડી જમીન પર ત્રણવાર ઠોકવી)

'નમઃ સુદર્શનાય ફટ્' એમ બોલી જમણે હાથે ચપટી વગા
માથે હાથ ફેરવવો - ડાબા હાથમાં જમણા હાથની
બે આંગળીથી ત્રણ તાળી પાડવી. ઉદકોસ્પર્શઃ
(આંખે અને જમણા કાને પાણી અડાડવું)

ભૈરવનમસ્કાર

તીક્ષ્ણદંષ્ટ્ર મહાકાય કલ્પાન્ત-દહનોપમમ્ ।
ભૈરવાય નમસ્તુભ્યં અનુજ્ઞાં દાતુમર્હસિ ॥

કલશપૂજનમ્

(પૂજા કરનારના ડાબા હાથે ચોખા મૂકી તાંબાનો કલશ મૂકવો.
તેના ઉપર જમણો હાથ ઢાંકવો.)

કલશસ્ય મુખે વિષ્ણુઃ કંઠે રુદ્રઃ સમાશ્રિતઃ ।
મૂલે તસ્ય સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃગણાઃ સ્મૃતાઃ ॥૧॥

કુક્ષૌ તુ સાગરાઃ સર્વે સપ્તદ્વીપા વસુંધરા ।
ઋગ્વેદોઽથ યજુર્વેદઃ સામવેદો હ્યથર્વણઃ ।
અંગૈશ્ચ સહિતાઃ સર્વે કલશન્તુ સમાશ્રિતાઃ ॥૨॥

અત્ર ગાયત્રી સાવિત્રી શાન્તિઃ પુષ્ટિકરી તથા ।
આયાન્તુ દેવપૂજાર્થમ્ દુરિતક્ષયકારકાઃ ॥૩॥

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરિ સરસ્વતિ ।
નર્મદે સિંધુ કાવેરિ જલેઽસ્મિન્ સન્નિધિમ્ કુરુ ॥૪॥

બ્રહ્માંડોદરતીર્થાનિ કરૈઃ સ્પૃષ્ટાનિ તે રવે ।
તેન સત્યેન મે દેવ તીર્થન્ દેહિ દિવાકરઃ ॥૫॥

સૂર્યમંડલાત્ અંકુશમુદ્રયા સર્વાણિ તીર્થાનિ આવાહ્ય, વં ઈતિ ધેનુમુદ્રયા
અમૃતીકૃત્ય, હું ઈતિ કવચેન અવગુંઠ્ય, મત્સ્યમુદ્રયા આચ્છાદ્ય
વં વરુણાય નમઃ ઈતિ મંત્રેણ અભિમંત્રયેત્ । (આઠ વાર) વં વરુણાય નમઃ

પૂર્વે ઋગ્વેદાય નમઃ । ઋગ્વેદં પૂજયામિ ।
દક્ષિણે યજુર્વેદાય નમઃ । યજુર્વેદં પૂજયામિ ।
પશ્ચિમે સામવેદાય નમઃ । સામવેદં પૂજયામિ ।
ઉત્તરે અથર્વવેદાય નમઃ । અથર્વવેદં પૂજયામિ ।
મધ્યે અપાંપતયે વરુણાય નમઃ

નમો નમસ્તે સ્ફટિકપ્રભાય સુશ્વેતહારાય સુમંગલાય ।
સુપાશ-હસ્તાય ઝષાસનાય જલાધિનાથાય નમો નમસ્તે ॥
સર્વોપચારાર્થે ગંધાક્ષતપુષ્પાણિ સમર્પયામિ ।
તસ્માત્ ઉદકાત્ ઉદકં ગૃહીત્વા પાત્રે નિક્ષિપ્ય પાત્રાત્ જલં
ગૃહીત્વા આત્માનં સ્વશિરઃ સમ્પ્રોક્ષ્ય, પુનઃ સ્વલ્પોદકં
ગૃહીત્વા પૂજા દ્રવ્યાણિ ભૂમિમ્ ચ સમ્પ્રોક્ષ્ય
(કલશમાંથી આચમનીથી થોડું જળ પવાલામાં લઈ પછી થોડું જળ ડાબા હાથમાં
લઈ પોતાના ઉપર પ્રોક્ષણ કરવું.)

અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા ।
યઃ સ્મરેત્ પુંડરીકાક્ષં સ બાહ્યાભ્યંતરઃ શુચિઃ ॥
ૐ આપો હિષ્ઠામયોભુવસ્તા ન ઊર્જે દધાતન । મહેરણાય ચક્ષસે ॥
જો વઃ શિવતમો રસસ્તસ્ય ભાજયતે હ નઃ । ઉશતીરિવ માતરઃ ॥
તસ્મા અરંગ મામવો યસ્ય ક્ષયાય જિન્વથ ।
આપો જન યથા ચ નઃ ॥
(હાથ ધોઈ પાછું ડાબા હાથમાં જળ લઈ પૂજાસામગ્રી પર પ્રોક્ષણ કરવું)
(ૐ આપો.) (ચંદનવાળું ફૂલ ચઢાવવું)

દીપ-પૂજનમ્ : ભો દીપ દેવરૂપસ્ત્વમ્ કર્મસાક્ષી હ્યવિઘ્નકૃત્ ।
યાવત્ કર્મ-સમાપ્તિઃ સ્યાત્ તાવદત્ર સ્થિરો ભવ ॥
દીપસ્થ દેવતાયૈ નમઃ । ગંધપુષ્પાભ્યાં સંપૂજ્ય
નમસ્કારાન્ સમર્પયામિ ।

સૂર્ય-પૂજનમ્ : ધ્યેયઃ સદા સવિતૃમંડલ-મધ્યવર્તી
નારાયણઃ સરસિજાસનસંનિવિષ્ટઃ ।
કેયૂરવાન્ મકરકુંડલવાન્ કિરીટી
હારી હિરણ્મયવપુર્ ધૃતશંખચક્રઃ ॥
સૂર્યાય દેવતાયૈ નમઃ ।
(ચંદનવાળું ફૂલ ચઢાવવું)

શંખ-પૂજનમ્ : પાંચજન્ય મહાભાગ ભગવદ્હસ્ત-શોભિત ।
દેવસેવાર્થમાગચ્છ શંખદેવ નમોઽસ્તુ તે ॥
પાંચજન્યાય વિદ્મહે । પાવમાનાય ધીમહિ ।
તન્નઃ શંખઃ પ્રચોદયાત્ । શંખસ્થદેવતાયૈ નમઃ ।
(ચંદનવાળું ફૂલ ચઢાવવું)

ઘંટા-પૂજનમ્ : (ઘંટડીને સ્નાન કરાવવું)
નાદશબ્દમયીં ઘંટાં સર્વવિઘ્નાપહારિણીમ્ ।
પૂજયેદસ્ત્રમંત્રેણ દેવસ્ય પ્રીતિકારિણીમ્ ॥
આગમનાર્થં તુ દેવાનામ્ ગમનાર્થં ચ રક્ષસામ્ ।
ઘંટાનાદં પ્રકુર્વીત પશ્ચાદ્ ઘંટાં પ્રપૂજયેત્ ॥
ઘંટાસ્થગરુડાય નમઃ ।
(ચંદનવાળું ફૂલ ચઢાવવું)

શ્રી ગણપતિપૂજન

ધ્યાનમ્ : એકદંતં શૂર્પકર્ણં ગજવકત્રં ચતુર્ભુજમ્ ।
પાશાંકુશધરં દેવં ધ્યાયેત્ સિદ્ધિવિનાયકમ્ ॥ ॥૧॥

શ્વેતાંગં શ્વેતવસ્ત્રં સિતકુસુમગણૈઃ પૂજિતં શ્વેતગંધૈઃ
ક્ષીરાબ્જૈઃ રત્નદીપૈઃ સુરતરુવિમલે રત્નસિંહાસનસ્થમ્ ।
દોર્ભિઃ પાશાંકુશેષ્ટાભયધૃતિવિશદં ચંદ્રમૌલિં ત્રિનેત્રં
ધ્યાયે શાન્ત્યર્થમીશં ગણપતિમમલં શ્રીસમેતં પ્રસન્નમ્ ॥ ॥૨॥

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં ધ્યાયામિ । ધ્યાનાર્થે પુષ્પં સમર્પયામિ ॥

આવાહનમ્: (ૐ સહસ્રશીરેખા....)
આગચ્છ ભગવન્ દેવ સ્થાને ચાત્ર સ્થિરો ભવ ।
યાવત્ પૂજાં કરિષ્યામિ તાવત્ ત્વં સન્નિધો ભવ ॥

પૂજારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ,
આપો સન્મતિ મોરયા જેથી સુધરે કાજ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તમ્ આવાહયામિ સ્થાપયામિ ।
આવાહનાર્થે પુષ્પં સમર્પયામિ ।

આસનમ્ : (પુરુખ એવેદગ્ગૂં.....)
રમ્યં સુશોભનં દિવ્યં સર્વસૌખ્યકરં શુભમ્ ।
આસનં ચ મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥

વિચિત્ર-રત્નરચિતં દિવ્યાસ્તરણસંયુતમ્ ।
સ્વર્ણસિંહાસનં ચારુ ગૃહાણ સુરપૂજિત ॥

અનારંભ આરંભ તું મૂળારંભ મહેશ,
નિરાલંબ આલંબ તું જગદાલંબ જનેશ.

ૐ ગં ગણપતયે નમઃ ।
ભગવતે આસનાર્થે પુષ્પં સમર્પયામિ ।

પાદ્યં : (એતાવાનસ્ય મહિમાતો.....)
ઉષ્ણોદકં નિર્મલં ચ સર્વ-સૌગંધ્ય-સંયુતમ્ ।
પાદપ્રક્ષાલનાર્થાય દત્તં તે પ્રતિગૃહ્યતામ્ ॥

અણોરણીયાન્ શ્રુતિ કથે મૂષકવાહન દેવ,
મહાકાય મહતો મહીયાન્ કરે સહુ સેવ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પાદયોઃ પાદ્યં સમર્પયામિ ।

અર્ઘ્યમ્ : (ત્રિપાદૂર્ધ્વમુદૈત્ પુરુખઃ.....)
અર્ઘ્યમ્ ચ દલ-સંયુક્તં ગંધપુષ્પાક્ષતૈર્યુતમ્ ।
ગણાધ્યક્ષ નમસ્તેઽસ્તુ ગૃહાણ કરુણાનિધે ॥

અર્ઘ્યમ્ ગૃહાણ દેવેશ ગંધપુષ્પાક્ષતૈર્યુતમ્ ।
તામ્રપાત્રે સ્થિતં ચૈવ ફલતોય-સમન્વિતમ્ ॥

અનંતકોટિ બ્રહ્માંડ જે શમવ્યાં ઉદરની માંહ્ય,
લંબોદર તુજને કહ્યો શ્રુતિ સ્મૃતિ જશ ગાય.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે હસ્તયોઃ અર્ઘ્યમ્ સમર્પયામિ ।

આચમનીયમ્ : (તતો વિરાડજાયત.....)
વિનાયક નમસ્તુભ્યં ત્રિદશૈરભિવંદિત ।
ગંગાહૃતેન તોયેન શીઘ્રમાચમનં કુરુ ॥

સર્વતીર્થસમાયુક્તં સુગંધિં નિર્મલં જલમ્ ।
આચમ્યતાં મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥

વક્રપાપ ખંડન થકી વક્રતુંડ કહેવાય,
વક્રોક્તિપ્રિય ગણપતિ લળી લળી લાગું પાય.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે અર્ઘ્યાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।

ઉદ્વર્તન-સ્નાનમ્ :

નાનાસુંગધિ દ્રવ્યં ચ ચંદનં રજનીયુતમ્ ।
ઉદ્વર્તનં મયા દત્તં સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥

અંગોદ્વર્તનં દેવ કસ્તૂર્યાદિવિમિશ્રિતમ્ ।
લેપનાર્થે ગૃહાણેદં હરિદ્રાકુંકુમૈર્યુતમ્ ॥

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે ઉદ્વર્તનસ્નાનં સમર્પયામિ ।

ઉદ્વર્તનસ્નાનાન્તે શુદ્ધોદકસ્નાનં સમર્પયામિ ।
શુદ્ધોદકસ્નાનાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।
(બે આચમની જળ મૂકવું.)

તીર્થોદકસ્નાનં :

નર્મદા સિન્ધુ કાવેરી તુંગભદ્રા સરસ્વતી ।
ગંગા ચ યમુના તાસાં પયઃ સ્નાનાર્થમર્પિતમ્ ॥

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે તીર્થોદકસ્નાનં સમર્પયામિ ।

તીર્થોદકસ્નાનાન્તે શુદ્ધોદકસ્નાનં સમર્પયામિ ।
શુદ્ધોદકસ્નાનાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।
(બે આચમની જળ મૂકવું.)

(ગણપતિ ભગવાનને જળથી શુદ્ધ કરી નીચે પ્રમાણે પંચોપચાર પૂજન કરવું.)

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે ગંધં સમર્પયામિ ।
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પુષ્પં સમર્પયામિ ।
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પ્રત્યક્ષં ધૂપમાઘ્રાપયામિ ।
(એક આચમની જળ મૂકવું.)
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પ્રત્યક્ષં દીપં દર્શયામિ ।
(એક આચમની જળ મૂકવું.)
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પ્રત્યક્ષં નૈવેદ્યં નિવેદયામિ ।
(એક આચમની જળ મૂકવું.)

દેવસ્ય પુરતો (દક્ષિણ ભાગે વા) નૈવેદ્યં નિધાય દૂર્વાકુરેણ અલંકૃત્ય
એકદન્તાય વિદ્મહે । વક્રતુણ્ડાય ધીમહિ તન્નોદન્તી પ્રચોદયાત્ ।
ઇતિ ગણપતિ-ગાયત્રીમંત્રેણ સંપ્રોક્ષ્ય
વં ઇતિ ધેનુમુદ્રયા અમૃતીકૃત્ય ગ્રાસમુદ્રાં દર્શયિત્વા ।
(ભગવાનને જમાડવા)

ૐ પ્રાણાય સ્વાહા ।
ૐ અપાનાય સ્વાહા ।
ૐ વ્યાનાય સ્વાહા ।
ૐ ઉદાનાય સ્વાહા ।
ૐ સમાનાય સ્વાહા ।
મધ્યે પાનીયં સમર્પયામિ ।
(એક આચમની જળ મૂકવું.)
પુનરપિ નિવેદનમ્
ૐ મંગલમૂર્તયે સ્વાહા ।
ૐ મંત્રરાજમૂર્તયે સ્વાહા ।
ૐ સાધૂનાં પતયે સ્વાહા ।
ૐ સજ્જનપ્રિયાય સ્વાહા ।
ૐ નમો પરબ્રહ્મણે વિઘ્નેશ્વરાય સ્વાહા ।
ઉત્તરાપોશનં સમર્પયામિ । હસ્તપ્રક્ષાલનં સમર્પયામિ ।
મુખપ્રક્ષાલનં સમર્પયામિ । આચમનીયાર્થે જલં સમર્પયામિ ।
(ચાર આચમની જળ મૂકવું.)

નિર્માલ્યં ઉત્તરે વિસૃજ્ય પુનઃ અભિષેકાર્થે ગંધપુષ્પાભ્યામ્ અભ્યર્ચ્ય
અભિષેકજલધારાપાત્રં ગંધપુષ્પાભ્યાં સંપૂજ્ય દેવોપરિ અભિષેકમ્ આરભેત ।

અભિષેક

(દૂધ, શેરડીનો રસ, અત્તર અથવા જલથી અભિષેક કરવો.)

ગણપતિ-અથર્વશીર્ષ ।

ૐ નમસ્તે ગણપતયે । ત્વમેવ પ્રત્યક્ષં તત્ત્વમસિ । ત્વમેવ કેવલં કર્તાસિ । ત્વમેવ કેવલં ધર્તાસિ । ત્વમેવ કેવલં હર્તાસિ । ત્વમેવ સર્વં ખલુ ઈદં બ્રહ્માસિ । ત્વં સાક્ષાદ્ આત્માસિ નિત્યં ॥ ઋતં વચ્મિ ॥ સત્યં વચ્મિ ॥ અવ ત્વં મામ્ । અવ વક્તારમ્ । અવ શ્રોતારમ્ । અવ દાતારમ્ । અવ ધાતારમ્ । અવાનૂચાનમવશિષ્ય ॥ અવ પશ્ચાત્તાત્ । અવ પુરસ્તાત્ । અવોત્તરાત્તાત્ । અવ દક્ષિણાત્તાત્ । અવ ચોર્ધ્વાત્તાત્ । અવાધરાત્તાત્ । સર્વતો મામ્ પાહિ પાહિ સમન્તાત્ ॥ ત્વં વાઙ્મયઃ । ત્વં ચિન્મયઃ । ત્વમાનન્દમયઃ । ત્વં બ્રહ્મમયઃ । ત્વં સચ્ચિદાનંદાદ્વિતીયોઽસિ । ત્વં પ્રત્યક્ષં બ્રહ્માસિ । ત્વં જ્ઞાનમયો વિજ્ઞાનમયોઽસિ ॥ સર્વં જગદિદં ત્વત્તો જાયતે । સર્વં જગદિદં ત્વત્તસ્તિષ્ઠતિ । સર્વં જગદિદં ત્વયિ લયમેષ્યતિ । સર્વં જગદિદં ત્વયિ પ્રત્યેતિ । ત્વં ભૂમિરાપોઽનલોઽનિલો નભઃ । ત્વં ચત્વારિ વાક્પદાનિ । ત્વં ગુણત્રયાતીતઃ । ત્વમવસ્થાત્રયાતીતઃ । ત્વં દેહત્રયાતીતઃ । ત્વં કાલત્રયાતીતઃ । ત્વં મૂલાધારસ્થિતોઽસિ નિત્યમ્ । ત્વં શક્તિત્રયાત્મકઃ । ત્વાં યોગિનો ધ્યાયન્તિ નિત્યમ્ । ત્વં બ્રહ્મા, ત્વં વિષ્ણુસ્ત્વં રુદ્રસ્ત્વં, ઈન્દ્રસ્ત્વં, અગ્નિસ્ત્વં, વાયુસ્ત્વં, સૂર્યસ્ત્વં, ચન્દ્રમાસ્ત્વં, બ્રહ્મ, ભૂર્ભુવઃસ્વરોમ્ । ગણાદિં પૂર્વમુચ્ચાર્ય વર્ણાદિ-સ્તદનન્તરમ્ । અનુસ્વારઃ પરતરઃ । અર્ધેન્દુ લસિતમ્ । તારેણ રુદ્ધમ્ । એતત્ તવ મનુસ્વરૂપમ્ । ગકારઃ પૂર્વરૂપમ્ । અકારો મધ્યમ રૂપમ્ । અનુસ્વારશ્ચાન્ત્ય-રૂપમ્ । બિન્દુરુત્તરરૂપમ્ । નાદઃ સંધાનમ્ । સંહિતા સંધિઃ । સૈષા ગણેશવિદ્યા। ગણક ઋષિઃ । નિચૃદ્ ગાયત્રી છંદઃ । ગણપતિર્દેવતા । ૐ ગં ગણપતયે નમઃ। એકદન્તાય વિદ્મહે । વક્રતુણ્ડાય ધીમહિ । તન્નો દન્તી પ્રચોદયાત્ । એકદંતં ચતુર્હસ્તં પાશમંકુશધારિણમ્ । રદં ચ વરદં હસ્તૈર્બિભ્રાણં મૂષકધ્વજમ્ । રક્તં લંબોદરં શૂર્પકર્ણકં રક્તવાસસમ્ । રક્તગંધાનુલિપ્તાંગં રક્તપુષ્પૈઃ સુપૂજિતમ્॥ ભક્તાનુકંપિનં દેવં જગત્કારણમચ્યુતમ્ । આવિર્ભૂતં ચ સૃષ્ટ્યાદૌ પ્રકૃતેઃ પુરુષાત્ પરમ્ ॥ એવં ધ્યાયતિ યો નિત્યં સ યોગી યોગિનાં વરઃ ॥ નમો વ્રાતપતયે । નમો ગણપતયે । નમઃ પ્રમથપતયે । નમસ્તેઽસ્તુ લંબોદરાય, એકદંતાય, વિઘ્ન નાશિને, શિવસુતાય, શ્રીવરદમૂર્તયે નમઃ ॥

શુદ્ધોદકસ્નાનમ્ : (તસ્માદ્ યજ્ઞાત્ સર્વ્વહુતઃ)
ગંગાદિસર્વતીર્થેભ્યો મયા સ્નાનાર્થમાહૃતમ્ ।
તોયમેતત્ સુખસ્પર્શં સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરિ સરસ્વતિ ।
નર્મદે સિંધુ કાવેરિ જલં સ્નાનાય કલ્પિતમ્ ॥
(ભગવાનને શુદ્ધોદકથી સ્નાન કરાવી, લૂછી, અત્તર લગાવી નાનું તિલક કરી પીઠ ઉપર સ્થાપવા.)

વસ્ત્રમ્ : (તસ્માત્ જજ્ઞાત્ સર્વહુતઃ ઋચઃ સામાનિ...)
સર્વભૂષાધિકે સૌમ્યે લોકલજ્જાનિવારણે ।
મયોપપાદિતે તુભ્યં ગૃહ્યેતાં વાસસી ત્વયા ॥

રક્તવસ્ત્રયુગં દેવં દિવ્યં કાંચનસંભવમ્ ।
સર્વપ્રદં ગૃહાણેદં લંબોદર હરાત્મજ ॥

નિરાકાર સાકાર તું નિર્ગુણ સગુણ ગુણેશ,
નિરાધાર આધાર તું સર્વાધાર ગણેશ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે વસ્ત્રોપવસ્ત્રાર્થે વસ્ત્રં સમર્પયામિ ।
વસ્ત્રોપવસ્ત્રાન્તે આચમનીયં સમર્પયામિ ।
(એક આચમની જળ મૂકવું)

યજ્ઞોપવીતમ્ : (તસ્માદશ્વાઽઅજાયન્ત...)
યજ્ઞોપવીતં પરમં પવિત્રં પ્રજાપતેર્યત્ સહજં પુરસ્તાત્ ।
આયુષ્યમગ્ર્યં પ્રતિમુંચ શુભ્રં યજ્ઞોપવીતં બલમસ્તુ તેજઃ ॥

બ્રહ્મસૂત્રં સોત્તરીયં ગૃહાણ ગણનાયકઃ ।
આરક્તબ્રહ્મસૂત્રં ચ કનકસ્યોત્તરીયકમ્ ॥

મૂલાધારે તું વસે કરે મતિપ્રકાશ,
સદ્ગુરુપૂજનવિધિ આ કરો પૂર્ણ જે આશ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે યજ્ઞોપવીતં સમર્પયામિ ।
યજ્ઞોપવીતાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।
(એક આચમની જળ મૂકવું.)

અલંકાર : (तं जज्ञम्बर्हिषि....)
નાનાવિધાનિ દિવ્યાનિ નાનારત્નોજ્જ્વલાનિ ચ ।
ભૂષણાનિ ગૃહાણેશ પાર્વતી-પ્રિયનંદન ॥
ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે અલંકારાન્ સમર્પયામિ।

ગંધમ્ : ગૃહાણેશ્વર સર્વજ્ઞ દિવ્યં ચંદનમુત્તમમ્ ।
કરુણાકર અબ્જાક્ષ ગૌરીસુત નમોઽસ્તુ તે ॥

શ્રીખંડં ચંદનં દિવ્યં ગંધાઢ્યં સુમનોહરમ્ ।
વિલેપનં સુરશ્રેષ્ઠ ચંદનં પ્રતિગૃહ્યતામ્ ॥

ભકત ભાવનારૂપ તું ધરે રૂપ અનેક,
સર્વરૂપ તુજનાં પ્રભો આદિ અંત તું એક.

ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે ગંધં સમર્પયામિ ।

અક્ષતાન્ : રક્તાક્ષતાંશ્ચ દેવેશ ગૃહાણ દ્વિરદાનન ।
લલાટપટલે રમ્યે તસ્યોપરિ વિધારય ॥

અક્ષતાંશ્ચ સુરશ્રેષ્ઠ કુંકુમારક્ત-શોભિતાઃ ।
મયા નિવેદિતા ભક્ત્યા ગૃહાણ પરમેશ્વર ॥
ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે લલાટે અક્ષતાન્ સમર્પયામિ ।

પુષ્પાણિ : (जत्पुरुषं व्यदधुः.....)
માલ્યાદીનિ સુગંધીનિ માલત્યાદીનિ વૈ પ્રભો ।
મયા નીતાનિ પુષ્પાણિ ગૃહાણ પરમેશ્વર ॥

ગજવદન ઉઁકાર તું સર્પમેખલા ચિત્ર,
નાગજનોઈ કોટમાં પીતાંબર પવિત્ર.
ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે ઋતુકાલોદ્ભવાનિ પુષ્પાણિ સમર્પયામિ ।

પુષ્પમાલા : માણિક્ય-મુક્તારુણ-પદ્મરાગૈઃ ગોરત્ન વૈડૂર્ય સુવિદ્રુમૈશ્ચ ।
મણિપ્રભાભિઃ સમલંકૃતાં વિભો ગૃહાણ માલાં ગિરિજેશ પુત્ર ॥
ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે પુષ્પમાલાં સમર્પયામિ ।

દૂર્વાર્પણમ્ : દૂર્વા હ્યમૃતસંપન્ના શતમૂલા શતાંકુરા ।
શતપાતકસંહંત્રી શતમાયુષ્યવર્ધિની ॥
ઓઁ ગં ગણપતયે નમઃ । ભગવતે દુર્વાંકુરાન્ સમર્પયામિ ।

અંગપૂજા : (ગણપતિની મહાપૂજા કરવી હોય ત્યારે)

ઓઁ ગણેશ્વરાય	નમઃ ।	- પાદૌ	પૂજયામિ ।
ઓઁ વિઘ્નરાજાય	નમઃ ।	- જાનુની	પૂજયામિ ।
ઓઁ આખુવાહનાય	નમઃ ।	- ઊરૂં	પૂજયામિ ।
ઓઁ હેરંબાય	નમઃ ।	- કટીં	પૂજયામિ ।
ઓઁ કામારિસૂનવે	નમઃ ।	- નાભિં	પૂજયામિ ।
ઓઁ લંબોદરાય	નમઃ ।	- ઉદરં	પૂજયામિ ।
ઓઁ ગૌરીસુતાય	નમઃ ।	- વક્ષઃ	પૂજયામિ ।
ઓઁ ગણનાયકાય	નમઃ ।	- હૃદયં	પૂજયામિ ।
ઓઁ સ્થૂલકંઠાય	નમઃ ।	- કંઠં	પૂજયામિ ।
ઓઁ સ્કંદાગ્રજાય	નમઃ ।	- સ્કંધૌ	પૂજયામિ ।
ઓઁ પાશહસ્તાય	નમઃ ।	- હસ્તૌ	પૂજયામિ ।
ઓઁ ગજવક્ત્રાય	નમઃ ।	- વક્ત્રં	પૂજયામિ ।
ઓઁ વિઘ્નહર્ત્રે	નમઃ ।	- લલાટં	પૂજયામિ ।
ઓઁ સર્વેશ્વરાય	નમઃ ।	- શિરઃ	પૂજયામિ ।
ઓઁ ગણાધિપતયે	નમઃ ।	- સર્વાંગાનિ	પૂજયામિ ।

નાનાપરિમલસૌભાગ્યદ્રવ્યાણિ :
અબીલં ચ ગુલાલં ચ ચૂવાચંદનમેવ ચ ।
સસિંદૂરં પ્રદાસ્યામિ પ્રસન્નો ભવ સર્વદા ॥

શ્વેતચૂર્ણં, રક્તચૂર્ણં, હરિદ્રાં, કુંકુમં તથા ।
સૌભાગ્યં સંપ્રદાસ્યામિ સસિન્દૂરં ગૃહાણ તે ॥
ઓઁ ગં ગણપતયે નમઃ ।
ભગવતે નાનાપરિમલ-સૌભાગ્ય દ્રવ્યાણિ સમર્પયામિ ।

ધૂપમ્ : (બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્....)

દશાંગં ગુગ્ગુલં ધૂપં સુગંધિં ચ મનોહરમ્ ।
ગૃહાણ દેવ દેવેશ ઉમાપુત્ર નમોઽસ્તુ તે ॥ ॥૧॥

વનસ્પતિરસોદ્ભૂતો ગંધાઢ્યો ગંધમુત્તમમ્ ।
આઘ્રેયઃ સર્વદેવાનાં ધૂપોઽયં પ્રતિગૃહ્યતામ્ ॥ ॥૨॥

એક દંત તુજનો અતિ ઉજ્જવલ જ્ઞાનપ્રકાશ,
હરણ કરી અજ્ઞાનનું કાપે ભવના પાશ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં પ્રત્યક્ષં ધૂપમાઘ્રાપયામિ ।

(એક આચમની જળ મૂકવું.)

દીપમ્ : (ચન્દ્રમા મનસો જાતઃ.....)

સર્વજ્ઞ સર્વલોકેશ ત્રૈલોક્યતિમિરાપહ ।
ગૃહાણ મંગલં દીપં રુદ્રપ્રિય નમોઽસ્તુ તે ॥

ભક્ત્યા દીપં પ્રયચ્છામિ દેવાય પરમાત્મને ।
ત્રાહિ મામ્ નરકાત્ ઘોરાત્ દીપોઽયં પ્રતિગૃહ્યતામ્ ॥

સકલદેવ તુજને નમે કાર્યારંભે ધન્ય,
વિઘ્નવિનાયક સંહરો કાંઈ ન માંગું અન્ય.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં પ્રત્યક્ષં દીપં દર્શયામિ ।

(એક આચમની જળ મૂકવું.)

નૈવેદ્યમ્ : (નાભ્યા આસીદન્તરિક્ષગ્ગૂં.....)

નાના ખાદ્યમયં દિવ્યં નૈવેદ્યં તે નિવેદિતમ્ ।
મયા ભક્ત્યા શિવા-પુત્ર ગૃહાણ ગણનાયક ॥

નૈવેદ્યં ગૃહ્યતાં દેવ ભક્તિં મે હ્યચલાં કુરુ ।
ઈપ્સિતં મે વરં દેહિ પરત્ર ચ પરાં ગતિમ્ ॥

કેડ કસી ગણપતિ ઊભા માંગે ભાતું સાર,
લડ્ડુક, મોદક, પય, દધિ, ગુડ અને અભિઘાર.
ચણા-ધાણી-તલ-કોપરું મિશ્રશર્કરા, નાથ,
આપો તો કારજ કરું નહિ તો જોડું હાથ.

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં પ્રત્યક્ષં નૈવેદ્યં નિવેદયામિ ।

દેવસ્ય પુરતો (દક્ષિણભાગે વા) નૈવેદ્યં નિધાય દૂર્વાકુરેણ અલંકૃત્ય ।
એકદન્તાય વિદ્મહે । વક્રતુણ્ડાય ધીમહિ । તન્નો દન્તી પ્રચોદયાત્ ॥
ઈતિ ગણપતિગાયત્રીમંત્રેણ સંપ્રોક્ષ્ય । વં ઈતિ ધેનુમુદ્રયા અમૃતીકૃત્ય
ગ્રાસમુદ્રાં પ્રદર્શ્ય ।
(ભગવાનના મુખમાં કોળિયા મૂકતા હોઈએ તેવી ભાવમુદ્રા કરવી.)

ૐ પ્રાણાય સ્વાહા ।
ૐ અપાનાય સ્વાહા ।
ૐ વ્યાનાય સ્વાહા ।
ૐ ઉદાનાય સ્વાહા ।
ૐ સમાનાય સ્વાહા ।
મધ્યે પાનીયં સમર્પયામિ ।

(એક આચમની જળ મૂકવું.)

પુનરપિ નિવેદનમ્ ।

(પાછું જમાડવું.)

ૐ મંગલમૂર્તયે સ્વાહા ।
ૐ મંત્રરાજમૂર્તયે સ્વાહા ।
ૐ સાધૂનાં પતયે સ્વાહા ।
ૐ સજ્જનપ્રિયાય સ્વાહા ।
ૐ નમઃ પરબ્રહ્મણે વિઘ્નેશ્વરાય સ્વાહા ।
ઉત્તરાપોશનં સમર્પયામિ । હસ્તપ્રક્ષાલનં સમર્પયામિ ।
મુખપ્રક્ષાલનં સમર્પયામિ । આચમનીયાર્થે જલં સમર્પયામિ ।

(ચાર આચમની જળ મૂકવું.)

મુખશુદ્ધ્યર્થે ફલમ્ : બીજપૂરામ્રપનસ- ખર્જૂરી- કદલીફલમ્ ।
નારીકેલ-ફલમ્ દિવ્યં ગૃહાણ ગણનાયક ॥

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં મુખશુદ્ધ્યર્થે ફલં નિવેદયામિ ।

મુખવાસાર્થે પૂગીફલં તાંબૂલમ્ : પૂગીફલં મહદ્ દિવ્યં નાગવલ્લીદલૈર્યુતમ્ ।
એલાદિચૂર્ણ સંયુક્તં તાંબૂલં પ્રતિગૃહ્યતામ્ ॥

ૐ ગં ગણપતયે નમઃ । ભગવન્તં મુખવાસાર્થે તાંબૂલપૂગીફલં એલાદિચૂર્ણ નિવેદયામિ ।

દક્ષિણા : હિરણ્યગર્ભગર્ભસ્થં હેમબીજં વિભાવસોઃ ।
અર્ય્યતે દેવ દેવેશ ત્વતઃ શાન્તિ પ્રયચ્છ મે ॥

દાન ચતુર્ધા મુક્તિનું કરો હાથથી ચાર,
જય ગૌરીસુત જય નમું, આપો વિમલ વિચાર.
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે હેમદક્ષિણાર્થે પુષ્પદક્ષિણાં સમર્પયા

આરાર્તિકમ્ઃ (જ્વાલામાલિનીં પ્રજવાલ્ય ગંધપુષ્પાભ્યામ્ સંપૂજ્ય)
જય જય જય હેરંબ.
ગંગાધરસુત, મૂષકવાહન, વિઘ્નહના,
ન**ગ**દુહિતાનંદન વિભુ જય સિંદુરવદના ....ૐ જ

સ્વપ્ર**ણ**ત પ્રતિપાલ પાશાંકુશહસ્તા
વિદ્યાધિ**પ** વિબુધેશા લંબોદર તાતા ....ૐ જ

વ્યાલોપવી**ત** નાથ મંગલમુદદાતા,
વંદન કરિ**યે** ભાવે જય જય જગભર્તા ....ૐ જ

અગ્ર પૂજાનું મા**ન** દે સહુ કો તુજને,
કરીએ કેવળ **નમઃ** રંગનાથચરણે ....ૐ જ
(આરતીમાં કપૂર મૂકવું.)

કર્પુરપૂરેણ મનોહરેણ સુવર્ણપાત્રોદરસંસ્થિતેન
પ્રદીપ્તભાસા સહ સંગતેન નીરાજનં તે ગણનાથ કુર્વે

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારં
સદા વસન્તં હૃદયારવિન્દે ભવં ભવાનીસહિતં નમામિ

મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડધ્વજઃ
મંગલં પુણ્ડરીકાક્ષો મંગલાયતનો હરિઃ

સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે
આરાર્તિકં સમર્પયામિ ।
જલેન પ્રદક્ષિણીકૃત્ય પુષ્પૈઃ દેવવન્દનમ્ । દેવાભિવંદનમ્
સ્વારોગ્યાર્થે આત્મવંદનમ્ ।

મંત્ર પુષ્પાંજલિ : ૐ જજ્ઞેન જજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત જત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ।

ગણેશં વદેત્ તં સ્મરેત્ સર્વકાર્યે સ્મૃતઃ સંમુખે જ્ઞાનદઃ સિદ્ધિદઃ સ્યાત્।
મનશ્ચિન્તિતં કાર્યમેવાશુ સિદ્ધયેત્ નુમો બુદ્ધિકાન્તં ગણેશં નમસ્તે।
સદ્‌ગુરુપૂજનવિધિ આ કરો પૂર્ણ નિર્વિઘ્ન,
જ્ઞાનદીપ પ્રજવાળીને હરો તિમિર અરિઘ્ન.
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે મંત્રપુષ્પાંજલિં સમર્પયામિ ।

પ્રદક્ષિણા : (સમાસ્યાસન્ પરિધયઃ)
યાનિ કાનિ ચ પાપાનિ જન્માન્તરકૃતાનિ ચ ।
તાનિ સર્વાણિ નશ્યન્તુ પ્રદક્ષિણં પદે પદે ॥
મતિહીણો હું નવ લહું કાવ્યશાસ્ત્રવિચાર,
કરો કોડ પૂરા પ્રભો મનવાંછિત દેનાર.
ૐ ગં ગણપતયે નમઃ । સ્થલાભાવેન પ્રદક્ષિણાં પરિકલ્પયામિ ।

નમસ્કાર : વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય
લંબોદરાય સકલાય જગદ્ધિતાય ।
નાગાનનાય શ્રુતિ-યજ્ઞ-વિભૂષિતાય
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે ॥

સિદ્ધિ - બુદ્ધિદાતા તમે બાળક હું ઉદ્દામ,
નવ જાણું બીજું કશું કરું અનન્ય પ્રણામ.
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતે પ્રાર્થનાપૂર્વકમ્ નમસ્કારાન્ સમર્પયામિ।

ક્ષમાપન : આવાહનં ન જાનામિ, ન જાનામિ તવાર્ચનમ્ ।
પૂજાં ચૈવ ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર ॥

બુદ્ધ્યાવરણ નિવારીને દેખાડો નિજરૂપ,
નાસે ભ્રાંતિ જે થકી થાય શુષ્ક ભવકૂપ.
ૐ ગં ગણપતયે નમઃ । ભગવતઃ ક્ષમાં યાચે ।

ભજન

(૧)

નમામિ શ્રીગણરાજ દયાલ, તુમ્હી હો ભક્તનકે પ્રતિપાલ.
નિશદિન ધ્યાન ધરે જો પ્રાણી, હરે સકલ ભવજાલ,
જન્મમરણસે હોત નિરાલા, નહિ લગતી કરમાલ... નમા

લંબોદર ગજવદન મનોહર, ગલે ફૂલોંકી માલ,
રિદ્ધિ સિદ્ધિ ચમર ડુલાવે, શોભે સિંદુર ભાલ....નમા

મૂષકવાહન ત્રિશૂલ પરશુધર, ચંદન ઝલકે વિશાલ,
બ્રહ્માદિક સૌ ધ્યાવત તુમકો, અરજે **તુકડો** બાલ....નમા

(૨)

તારો થાયે સઘળે જય જયકાર, ગણપતિ બાપા મોરયા.... ટેક.
રિદ્ધિ-સિદ્ધિના સ્વામી તમે છો
લાભ ને શુભનો પુત્ર પરિવાર....ગણપતિ (૧)

સગુણ સાકાર વળી નિર્ગુણ નિરાકાર,
ગજવદન ને છો ૐકાર....ગણપતિ.. (૨)

પાપીગણુને સન્મતિ દેજે
દેજો વ્હાલા! વિમલ વિચાર...ગણપતિ. (૩)

ધૂન

(૧) ગજાનન રે, ગણપતિ દેવા,
ગણપતિ દેવા કરું તુજ સેવા.

(૨) ગજાનના ! ગજાનના ! મંગલમૂર્તિ ગજાનના,
મા પાર્વતિ પિતા મહાદેવા ભ્રાતા જેના ષડાનના.

(૩) શ્રીગણેશ શ્રીગણેશ શ્રીગણેશ રક્ષ મામ્ ।
જય ગણેશ જય ગણેશ જય ગણેશ પાહિ મામ્ ॥

પાદુકા-પૂજન

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ॥

[બ્રહ્માનન્દ સ્વરૂપ, પરમ સુખ દેનાર, કેવલ સ્વરૂપ (ઉપાધિરહિત), જ્ઞાનમૂર્તિ, દ્વન્દ્વ(સુખ-દુઃખ, જન્મ-મરણ ઈત્યાદિ દ્વન્દ્વ)થી અતીત, ગગન સમાન (સર્વ વ્યાપક તથા નિર્લેપ), 'તત્ત્વમસિ' આદિ મહાવાક્યના લક્ષ્ય સ્વરૂપ (શુદ્ધ સચ્ચિદાનંદરૂપ બ્રહ્માત્મચૈતન્ય), એક (અદ્વિતીય), નિત્ય (ત્રણે કાળમાં એકરસ રહેનાર), વિમલ (માયારૂપ મળથી રહિત), અચલ (અવિનાશી-અચ્યુત), સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ, ભાવ(મન-બુદ્ધિ આદિ ઈન્દ્રિય વૃત્તિ અથવા દૃશ્યવસ્તુ માત્ર)થી અતીત અને ત્રણે ગુણ (સત્ત્વ, રજ, તમ)થી રહિત એવા તે સદ્ગુરુને નમન કરું છું.]

નમો ગુરુભ્યો ગુરુપાદુકાભ્યો
નમઃ પરેભ્યઃ પરપાદુકાભ્યઃ ।
આચાર્ય-સિદ્ધેશ્વર-પાદુકાભ્યો
નમોઽસ્તુ લક્ષ્મીપતિપાદુકાભ્યઃ ॥

[ગુરુ (અથવા ગુરુઓ)ને નમસ્કાર, ગુરુ(ગુરુઓ)ની પાદુકાઓને નમસ્કાર. પરમાત્મા (પરમગુરુ, પરમેષ્ઠિ ગુરુ)ને નમસ્કાર, પરમાત્મા (પરમગુરુ, પરમેષ્ઠિ ગુરુ)ની પાદુકાઓને નમસ્કાર, આચાર્ય સિદ્ધેશ્વરની પાદુકાઓને નમસ્કાર, લક્ષ્મીપતિ (વિષ્ણુ)ની પાદુકાઓને નમસ્કાર.]

નમો બ્રહ્માદિભ્યો બ્રહ્મવિદ્યા - સંપ્રદાય - કર્તૃભ્યો ।
નમો વંશઋષિભ્યો નમો વાસુદેવાનંદેભ્યઃ ॥

[બ્રહ્મા વગેરેને નમસ્કાર. બ્રહ્મવિદ્યા સંપ્રદાયના કર્તાઓને નમસ્કાર. એમના વંશના ઋષિઓને નમસ્કાર. શ્રીવાસુદેવાનંદને નમસ્કાર.]

આનંદમાનંદકરં પ્રસન્નં
જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્ ।
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં
શ્રીસદ્ગુરું નિત્યમહં નમામિ ॥

[પોતે આનંદસ્વરૂપ હોઈ આનંદ કરનાર (અથવા જેમ પોતે આનંદ સ્વરૂ
તેમ અન્યને પણ આનંદરૂપ બનાવનાર), પ્રસન્નાત્મા, જ્ઞાન (જ્ઞપ્તિ માત્ર-
જ્ઞાન') સ્વરૂપ, નિજબોધ ('અહં બ્રહ્માસ્મિ'રૂપી વૃત્તિજ્ઞાન અથવા વિશેષ
યુક્ત, યોગીરાજ, સ્તુતિયોગ્ય અને ભવ (જન્મ-મૃત્યુરૂપી સંસાર) રોગના વૈદ્ય
શ્રીસદ્ગુરુને હું નિત્ય-નિરન્તર નમસ્કાર કરું છુ.]

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં
શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરંતં જનહિતનિરતં
સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજ-પર-રહિતં
નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં
પાંડુરંગં નમામિ ॥

[શાન્ત, યોગીરાજાઓમાં શ્રેષ્ઠ, બ્રાહ્મણકુળમાં શ્રેષ્ઠ, શ્રોત્રિય, (
જાણનાર અને તદનુસાર વર્તનાર), બ્રહ્મનિષ્ઠ, દત્તાત્રેયનું સ્મરણ કરનાર, લો
હિતમાં રત રહેનાર, સચ્ચિદાનંદમાં મગ્ન રહેનાર, સિદ્ધ, રેવાતટ પર રહે
પોતાનું અને પારકું એવી ભાવના વગરના, હંમેશા ઉન્મત્ત દશાના અ
નારેશ્વરમાં રહેનાર, કળિયુગના મળનો નાશ કરનાર એવા સંત શ્રીપાં
(શ્રીરંગઅવધૂત મહારાજ)ને હું નમન કરું છું.]

ધ્યાનમ્

ગ્રીષ્માન્તે નવનીલમેઘરુચિર-શ્યામાવદાતદ્યુતિં
નીલેન્દીવર-લોચનં ધૃતજટં કૌપીન-રાજત્કટિમ્ ।
વામેનેષ્ટવરાન્ દદાનમપરે દંડં દધાનં કરે
રંગં સંગતયે ગુરોર્મમ મનોદ્વારિ સ્થિતં ચિન્તયે ॥

[ગ્રીષ્મ ઋતુના અંતે (આકાશમાં ચઢી આવતા) તાજા નીલ રંગના વાદળ જેવી
કમનીય, સ્વચ્છ, શ્યામ કાંતિવાળા (પૂજ્ય બાપજીના વિષ્ણુના અવતારની વ્યંજના
એમાં લભ્ય છે), ભૂખરા કમળ જેવા લોચનવાળા (કમળ જેવી આંખમાં કોમળતા,
નિર્વિકાર ભાવ, ભક્તો પ્રત્યે દયાભાવની વ્યંજના દ્યોતિત છે), જટા ધારણ કરનારા,
લંગોટથી કટીપ્રદેશને શોભાવતા (પૂ. બાપજીના તપસ્વી જીવન અને વૈરાગ્યને વ્યંજિત
કરે છે), ડાબા હાથથી (ભક્તોને) ઈષ્ટ વર પ્રદાન કરતા અને જમણા હાથે દંડ ધારણ
કરતા (સમગ્ર જગતના પ્રાણીઓને પોતાના સમગ્ર 'સ્વ'નું દાન કરતા અને તેથી જ
દત્તાવતાર અને દુષ્ટતા, અશાંતિ, વૈર કલહ, અસૂયાને દંડતા) એવા મારા મનોદ્વારે
આવી ઊભેલા રંગ-પ્રભુ સાથે સમાગમ કરવા હું તેમનું ધ્યાન ધરું છું.]

ભગવન્તં ધ્યાયામિ । ધ્યાનાર્થે પુષ્પં સમર્પયામિ ।

ગ્રીષ્માન્તે નીલવણાં મેઘસમા શ્યામલ,
નયનકંજ ને જટાધારી કૌપીન કટિવર,
વામ કરે વર દેતા, અન્ય કરે દંડધર,
ધ્યાન ધરું મુજ મનદ્વારે ઊભા ગુરુવર !

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવન્તં ધ્યાયામિ । ધ્યાનાર્થે પુષ્પં સમર્પયામિ ।

આવાહનમ્

હરિઃ ૐ સહસ્રશીરેખાઃ પુરુખઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।
સ ભૂમિગૂં સર્વતઃ સ્પૃત્વાત્યતિષ્ઠદ્દશાંગુલમ્ ॥

રુકમામ્બા પ્રકૃતિઃ પરા ભગવતી માતાન્નપૂર્ણા સ્વયં
દેવો વિઠ્ઠલ એષ યશ્ચ ભગવાન્ અત્રિ શ્રુતૌ પૂરુષઃ ।
તાવેતૌ મમ માનસોટજતલે ત્વત્-સ્વાગતાયોદ્યતૌ
ત્વામાકારયતસ્તદેહિ ભગવન્ મા મા વિલંબં કુરુ ॥

[મા રુકમામ્બા (પૂજ્યશ્રીના માતુશ્રી) સાક્ષાત્ અન્નપૂર્ણા છે અને આદિશક્તિ
પરા પ્રકૃતિ છે. પિતા વિઠ્ઠલ (પૂજ્યશ્રીના પિતાશ્રી) ભગવાન અત્રિ સ્વરૂપ છે,

શ્રુતિવિશ્રુત 'પરમ પુરુષ' છે. હે ભગવાન (રંગ ગુરુ)! તારા સ્વાગત માટે આ
મારા મનસ્તરરૂપી કુટીરના દ્વારે ઊભા રહી તને બોલાવી રહ્યા છે, તો તું
આવવામાં વિલંબ ના કર, ના કર.]

યસ્મિન્નોતં પ્રોતમશેષં જગદેતદ્
યજ્જં યત્સ્થં ચાન્તે યસ્મિલ્લયમેતિ ।
વાચાગમ્યં વેદનરૂપં ત્રિગુણેશં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[જેનામાં આ જગત નિઃશેષ રીતે ઓતપ્રોત થયેલું છે, જેનામાંથી જન્મે
સ્થિતિ પામે છે, અને અન્તે જેનામાં લય પામે છે, વાણીથી જે અગમ્ય છે, જે
સ્વરૂપ છે અને જે ત્રણ ગુણોના ઈશ છે તેવા હૃદયમાં વસનારા તે દત્તાત્રેય ભગવા
હું પ્રણામ કરું છું.]

પરા-પકૃતિ ને અન્નપૂર્ણા રુકમામ્બા,
વિકલ અત્રિ પરમ પુરુષ સર્વે સર્વા,
ઊભા મુજ મનમંદિરિયે સ્વાગત કાજે,
રંગ ગુરુ! ના વિલંબ કર, આવી જાજે.
રંગ, તમારી કૃપાથી આવ્યું આ ટાણું,
આજ અમારે આંગણિયે વાયુ વ્હાણું,
ભક્તોના હૈયામાં આનંદ માય નહીં,
આવો આવો સદ્‌ગુરુ રંગા! પૂજન મહીં.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવન્તં આવાહયામિ સ્થાપયામિ । આવાહનાર્થે પુષ્પં સમર્પયા

આસનમ્

પુરુખ એવેદગૂં સર્વં જદ્‌ભૂતં જચ્ચ ભાવ્યમ્ ।
ઉતામ્રેતત્ત્વસ્યેશાનો જદન્નેનાતિરોહતિ ॥

મયૈતદુપકલ્પિતં વિવિધવાસના-કેસર-
પ્રભા-પરિવૃત્તોજ્જ્વલદલ - મનોહરં માનસમ્ ।
સરોરુહમિહાસનં ભગવતે ભ્રમધ્વંસિને
વિહાય વિભવાનતઃ સુખમિહૈવ દેવાસ્યતામ્ ॥

[હે મારા દેવ, મારા મનની વિવિધ વાસનાઓ રૂપી કેસરની પ્રભારૂપી
ઉજ્જવલ પાંખડીઓથી રમણીય માનસ કમળ (કમળના જેવું સંસારની વાસનાઓ
પ્રત્યે અનાસક્ત મન એ જ ભગવાન માટે યોગ્ય આસન)રૂપી આ આસન સંસારના
ભ્રમને તોડનારા તારા માટે શણગાર્યું છે. સર્વ વૈભવોનો ત્યાગ કરી આપ નિરાંતે એના
પર બિરાજો.]

પ્રાદુર્ભૂતં હ્યાત્રિતપઃ કિં જગદર્થે
કિં હ્યનસૂયાપાતિવ્રત્યં ફલિતં તત્ ।
મૂર્તામૂર્તાતીતં જાતં હ્યજમેનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[શું જગતના (કલ્યાણ) અર્થે અત્રિ મુનિનું તપ પ્રાદુર્ભૂત (પ્રગટ) થયું છે
? શું અનસૂયા માતાનું પાતિવ્રત્ય ફળીભૂત થયું છે ? મૂર્ત અને અમૂર્તથી પર,
અજન્મા હોવા છતાં જન્મ ધારણ કરનારા, હૃદયમાં વસનારા તે દત્તાત્રેય
પરમાત્માને હું પ્રણમું છું.]

મારા મનની વિવિધ વાસનાઓ કેસર,
પ્રભા થકી ઉજ્જ્વલ દલ પદ્મ જુઓ સુંદર,
ભવભ્રમભંજક ગુરુવર હું અર્પું આસન,
વૈભવ છોડી, સુખે બિરાજો હે ભગવન્ !

પાપીગણના વધી ગયા શીદ ધબકારા?
પાવડી કેરા સંભળાયે જો રણકારા,
અબીલ ગુલાલ ઊડે છે જોને ગગનમહીં,
આવ્યા આવ્યા સદ્‌ગુરુ રંગા પૂજનમહીં.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે આસનાર્થે પુષ્પં સમર્પયામિ ।

पाद्यम्

એતાવાનસ્ય મહિમાતો જ્યાયાંશ્ચ પૂરુખઃ ।
પાદોસ્ય વિશ્વાભૂતાનિ ત્રિપાદસ્યામ્રેતન્દિવિ ॥

એકસ્ત્વં ત્વદુપાસકાસ્તદધિકા લક્ષાત્સપાદાદપિ
પ્રાયસ્તે યુગપત્ સ્મરન્તિ સકલાનભ્યેષિ ચૈકક્ષણાત્ ।
સંરંભેણ તતઃ કદાપિ ચરણૌ શ્રાન્તૌ ભવેતામતો
મંદોષ્ણેન જલેન મન્નયનયોઃ પાદ્યં પ્રભો તેઽર્પયે. ॥

[હે પ્યારા પ્રભુ, તું એક છે, તારી ઉપાસના કરનાર ભક્તો સવા લાખથી પ વધુ છે. સામાન્ય રીતે આ બધા જ ભક્તો તારું એકીસાથે સ્મરણ કરે છે અને તું એ જ ક્ષણમાં તે બધાની પાસે પહોંચી જાય છે. (ભગવાન રંગની એકીસાથે અનેક ભક્ પાસે પ્રત્યક્ષ થવાની ઈશ્વરી સિદ્ધિની અહીં વ્યંજના છે). આ કાર્યથી કદાચ તા ચરણો થાકનો અનુભવ કરે તો (એ થાક દૂર કરવા) મારા નેત્રનાં સાધારણ ઉષ્ણ જ (પ્રેમાશ્રુ) રૂપી પાદ્ય તને અર્પણ કરું છું.]

અગ્નિર્યદ્ દત્તાં તૃણમેકં ન શશાક
દગ્ધું વાયુર્હ્યુત્થાપયિતું સ્વબલેન ।
જ્ઞાતું ચેન્દ્ર-વિરોચન-પ્રમુખાઃ પ્રજ્ઞાનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[જેના આપેલા એક તણખલાને પણ અગ્નિ પોતાના બળથી બાળી ન શક્ કે પવન તેને ઉડાડી ન શક્યો તથા પ્રજ્ઞાન સ્વરૂપ જેને ઈન્દ્ર અને વિરોચન વગે (દેવો, દાનવો) જાણી શક્યા નહિ એવા હૃદયમાં વસતા તે દત્તાત્રેય વિભુને હું નમ કરું છું.]

એક તમે ને લાખો ભક્ત તમારે છે,
ભક્તજનો સઘળા સાથે પોકારે છે,
એકીસાથે સઘળે જાઓ તમે દોડી,
થાક્યા ચરણ પખાળું અશ્રુજળ છોડી.

ॐ द्रां दत्तात्रेयाय नमः । ॐ भूर्भुवः स्वः ॐ श्रीमद् भगवद् रंगावधूत-चरणकमल-शक्तिश्री पादुकाभ्यां नमः । भगवते पादयोः पाद्यं समर्पयामि ।

अर्घ्यम्

ત્રિપાદૂર્ધ્વમુદૈત્પુરુખઃ પાદોસ્યેહા ભવત્પુનઃ ।
તતો વિષ્વઙ્ વ્યક્રામત્સાશનાનશનેઅભિ ॥

શ્રીનારિકેલફલકલ્પમિદં શિરો મે
કૃત્વાંજલૌ નયનનિર્ઝરવારિપૂર્ણે ।
સર્વસ્વમિત્યવહિતોર્ઘવિધાનહેતો
રંગ! ત્વદીય કરયોરહમર્પયામિ ॥

[મારા નયનોમાંથી ઝરતા પ્રેમાશ્રુથી પરિપૂર્ણ અંજલિમાં રાખેલું શ્રીફળ જેવું મારું મસ્તક, જે મારું સર્વસ્વ છે એમ માની તે અર્ઘવિધિરૂપે હે પ્યારા રંગ-દેવ ! તારા કરકમળમાં હું અર્પણ કરું છું (પરમાત્મા પ્રત્યે નિર્વ્યાજ અસીમ પ્રેમ અને સર્વસ્વ સમર્પણ એ જ એની ઉત્તમ પૂજા છે.)]

એકોઽહં સ્યાં બહ્વિતિ ભૂતોઽનેકો યો
ભક્તાધીનો ભાવનરૂપો ગુરુરાદ્યઃ ।
યન્નિઃશ્વસિતં શાસ્ત્રમખણ્ડં નિગમાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[હું એક છું અને અનેક થાઉં એમ (વિચારી) જે અનેક (રૂપે પ્રગટ) થયો, જે ભક્તને આધીન છે, ભાવસ્વરૂપ છે અને આદિગુરુ છે, નિગમ (વેદ) વગેરે સંપૂર્ણ શાસ્ત્રો જેના નિઃશ્વાસ છે એવા હૃદયમાં બિરાજતા તે દત્તાત્રેય વિભુને હું પ્રણામ કરું છું.]

નયનાશ્રુની ભરી અંજલિ મેં ખોબે,
એમાં મારા શિરતણું શ્રીફળ શોભે,
સર્વ સમર્પણ રંગ તણા કરકમળમહીં,
જીવન મારું અર્ઘ્ય બનીને જજો વહી.

ॐ द्रां दत्तात्रेयाय नमः । ॐ भूर्भुवः स्वः ॐ श्रीमद् भगवद् रंगावधूत-चरणकमल-शक्तिश्री पादुकाभ्यां नमः । भगवते हस्तयोः अर्घ्यं समर्पयामि ।

(એક આચમની જળ મૂકવું.)

आचमनीयम्

તતો વ્વિરાડજાયત વ્વિરાજો અધિપૂરુખઃ ।
સ જાતો અત્યરિચ્યત પશ્ચાદ્ ભૂમિમથો પુરઃ ॥

આત્મા તવૈષ ભગવાંસ્તરણિઃ પ્રકીર્ણૈ-
રાચામતિ સ્વકિરણૈરપિ યા હિ સિન્ધૂઃ ।
તાસામિદં ભવતુ ભાવનયાદ્ય વારિ ।
રંગાવધૂત ભવદાચમનસ્ય કર્મ ॥

[હે ભગવાન રંગાવધૂત, તારો આ આત્મા સાક્ષાત્ ભગવાન સૂર્ય નારાયણ જે એના કેટલાયે કિરણો વડે અનેક નદીઓ(નાં નીર)ને પી જાય છે. (પ્રભુ પોતાની દિવ્ય કૃપાથી ભક્તોનાં મનની અનેક મલિન વૃત્તિઓનો નાશ કરે છે વ્યંજના.) તે બધી નદીઓનું ભાવનામય પાણી (સદ્વૃત્તિઓરૂપી નીર) ભાવના દ્વા આજે તારા આચમનનું કર્મ બની રહો. (મારા મનમાં સદ્વૃત્તિઓ ઉત્પન્ન થાવ.)]

કાન્તં કારુણ્યાબ્ધિમકામં કમનીયં
દાન્તં દેવેડ્યં દમ્ભારિં દકદાભમ્ ।
શાન્તં સર્વેશં શમરૂપં શફરાક્ષં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[સુંદર, કરુણાના સાગર, નિષ્કામ, કમનીય, દમનશીલ, દેવોથી વખણાયેલ દંભને હણનાર, મેઘસમાન વર્ણવાળા, શાન્ત, સર્વના ઈશ, શમરૂપ અને માછલી જે આંખોવાળા, હૃદયમાં વસનાર તે દત્તાત્રેયના ચરણોમાં હું ઢળી પડું છું.]

સરીતાકેરા જળનું સવિતાનારાયણ,
પોતાના કિરણો દ્વારા કરતા આચમન,
તેમ તમારો આત્મા સૂર્ય બની ભગવન્!
અમ ભાવન વારીનું રંગ! કરો આચમન.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે અર્ઘ્યાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।

મધુપર્ક (દહીં, મધ અને ઘી)

[હે ભગવન્ ! અગિયાર રુદ્ર, બાર આદિત્ય (સૂર્ય), ચૌદ ઈન્દ્ર, પાંચ મહાભૂતો, આઠ વસુદેવતાઓ, ચાર વેદ, ત્રણ અગ્નિ, બે વિશ્વદેવો, બે અશ્વિનો, સાત પુણ્યશાળી મહર્ષિઓ, ત્રણ પિતૃઓ, આઠ નાગો, સાત કુલપર્વતો, સાત સમુદ્રો- પ્રણવસહિત વિષ્ણુ શંકર, બ્રહ્મા (ચાર), પ્રધાન અને પુરુષ (પરાપ્રકૃતિ+પુરુષ=બે) આ રીતે કુલ નવ્વાણું (૯૯) તત્ત્વો જેમાં રહેલાં છે (યજ્ઞોપવીતમાં ૯૬ આવર્તન અને ત્રણ ગ્રન્થિઓ છે) એવું આ યજ્ઞોપવીત આપ ધારણ કરો.]

વર્ણાવર્ણાતીતં - સુવર્ણસ્ત્વતિ - વર્ણો
ધર્માધર્માતીત - સુધર્મસ્ત્વતિ - ધર્મા ।
કર્માકર્માતીત - સુકર્મા યઃ કર્તા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[વર્ણ અને અવર્ણથી અતીત એવા સુંદર વર્ણવાળો હોવા છતાં જે વર્ણથી પર છે, ધર્મ અને અધર્મથી પર સદ્‌ધર્મવાળો હોવા છતાં જે ધર્મથી પર છે અને કર્મ અને અકર્મથી પર એવા સત્કર્મવાળો જે કર્તા છે તેવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેય ભગવાનને હું પ્રણામ કરું છું.]

રુદ્ર, સૂર્ય, વસુ, વેદાગ્નિ ને મહાભૂતો,
ઇન્દ્ર, પિતૃ, કુલપર્વત, ઋષિ વિશ્વદેવો,
નાગલોક પ્રકૃતિ પુરુષ, આ પ્રણવાન્વિત,
બ્રહ્માહરિહરયુક્ત ધરો પ્રભુ આ ઉપવીત.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવતે યજ્ઞોપવીતં સમર્પયામિ । યજ્ઞોપવીતાન્તે આચમનીયમ્ સમર્પયામિ ।

અલંકારાઃ

તસ્માદશ્વા અજાયન્ત જે કે ચોભયાદતઃ ।
ગાવો હ જજ્ઞિરે તસ્માત્ તસ્માજ્જાતા અજાવયઃ ॥

યાન્યેવાભરણાનિ લાલનધિયા માતાનસૂયા સતી
સ્વીયાત્રેયમધારયત્ સુતમુખરુછાયાદિદક્ષાતુરા ।
તાનિ ત્વં પરિધેહિ રંગ પુનરપ્યેતાનિ યેનાંજસા
જાનીયાત્ સકલો જનસ્તવ રહો દત્તાવતારાત્મકમ્ ॥

[હે પ્યારા રંગદેવ! સતી અનસૂયા માતા પોતાના પુત્રના મુખની ઝળહળતી કાંતિને જોવાની આતુરતાથી જે આભૂષણો લાડ લડાવવાની બુદ્ધિથી પોતાના પુત્ર ભગવાન (દત્તાત્રેય)ને પહેરાવતી, તે જ આભૂષણો આપ ફરીથી ધારણ કરો, જેથી સમગ્ર માનવલોક આપ સાક્ષાત્ દત્તના અવતાર છો એ રહસ્યને તત્કાળ જાણી શકે.]

ત્યાગી ભોગી જટિલો મુંડી યો ભિક્ષુઃ
શિક્ષાર્થં કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।
યં હ્યવધૂતં નો જાનીતે હતભાગ્યો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[જે કદી ત્યાગી, કદી ભોગી, કદી જટાધારી, કદી મુંડનવાળો અને ભિક્ષુક છે અને (લોકોને) બોધ દેવા માટે મધ્યાહ્ને જે મિતાહાર કરે છે તેવા જે અવધૂત(દત્તાત્રેય)ને હતભાગી જાણતો નથી તે અંતઃકરણમાં બિરાજમાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.]

જે આભૂષણ દત્તાપ્રભુને પહેરાવ્યા,
મા અનસૂયાએ જેનાથી શણગાર્યા,
તે આભૂષણ રંગ તમે પહેરો પાછા,
લોકો જાણે સ્વયં દત્ત છે રંગરાજા.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવતે અલંકારાર્થે પુષ્પં સમર્પયામિ ।

ગંધમ્

હે રંગાંગસુસંગતા તવ વરા ધૂલી વ્રજસ્ત્રીજનૈઃ
કસ્તુરી-કૃતકેસરાગરુયુત- શ્રીખંડચંદ્ર-દ્રવૈઃ ।
સમ્યગ્ લિપ્ત-યશોમતીસુતતનૂ શોભાં પરાં બિભ્રતિ ।
નો સહ્યોતિ પદદ્વયે મલયજશ્રીપંકમદ્યાંકયે ॥

[હે રંગ ગુરો! વ્રજાંગનાઓ વડે કસ્તુરી, કેસર અને અગરુથી મિશ્રિત ચંદનના લેપથી જેમનું શરીર શણગારાયું છે તે યશોદાનન્દન ભગવાન કૃષ્ણચંદ્રના શરીરની શોભાને આપના શરીરે વળગેલી આ શ્રેષ્ઠ ધૂલ ધારણ કરે છે પણ એ મારા માટે સહ્ય નથી (અર્થાત્ આ ઉપમા-કૃષ્ણના શરીર પરનો ચંદનનો લેપ ભગવાન રંગના શરીર પરની ધૂલી-સદૃશ-મને માન્ય નથી) અને તેથી હું આપના ચરણકમળને ચંદનના લેપથી અંકિત કરું છું.]

કસ્તુરી, કેસર ને અગરુ મિશ્રિત ચંદન,
વ્રજાંગનાએ શણગાર્યા યશોદાનંદન,
એવી શોભા રંગ-અંગની ધૂળ ધરતી,
અસહ્ય તોયે લાગે, હું ચંદન કરતી,

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવતે ગંધમ્ સમર્પયામિ ।

अक्षतान् (ચોખાં ન લેતાં ફૂલ લેવાં)

तं जज्ञं बरेहिखि प्रौक्षन् पुरुखं ह्नतमग्ग्रतः ।
तेन देवा अयजन्त साध्या रेखयश्च जे ।

नीले व्योमनि भास्करे समुदिते तारा-ग्रहक्षादिषु
भासाऽस्तं गमितेषु निष्प्रभतमे जातेथ वाचस्पतौ ।
भाले ते गगनोपमे सुललिता शुभ्राक्षतानामियं
पंक्तिश्चन्द्रकलेव मूर्धनि हरस्यास्तां रविक्षोभिणी ॥

[સૂર્યના ઉદયથી ભૂખરા આકાશમાં તારાઓ, ગ્રહો અને નક્ષત્રો એના (સૂર્યના) તેજથી અસ્ત પામે છે અને ગુરુ પ્રભાહીન બની જાય છે, તે વેળાએ (હે ગુરુદેવ) મહાદેવના મસ્તક પર શોભતી ચંદ્રકળા જેવી, આપના ગગન જેવા વિશાળ ભાલપ્રદેશ પર શોભતી આ રમણીય શ્વેત અક્ષતની પંક્તિ સૂર્યને પણ ક્ષોભ પમાડનારી બની. (વ્યંજના-સૂર્યના પ્રખર તેજથી તારા, નક્ષત્ર અને ગુરુનું તેજ પણ વિલીન થઈ જાય છે. ભગવાન રંગના કપાળમાં અક્ષતની પંક્તિ છે તો ચંદ્રકલા જેવી પણ તે સૂર્યના પ્રકાશ કરતાં પણ વધુ તેજસ્વી છે એવો ભાવ છે.)]

ભાસ્કર ભૂરા આકાશે જ્યાં ઉદિત થતો,
તારા, ગ્રહ, નક્ષત્ર, ગુરુ ઝાંખો પડતો,
ભાલે ચંદ્રકળા જેવી અક્ષત પંક્તિ,
ધરે સૂર્યને ઝાંખો કરવાની શક્તિ.

ॐ द्रां दत्तात्रेयाय नमः । ॐ भूर्भुवः स्वः ॐ श्रीमद् भगवद् रंगावधूत-चरणकमल-शक्तिश्री पादुकाभ्यां नमः । भगवते ललाटे अक्षतानर्थे पुष्पं समर्पयामि ।

पुष्पाणि

जत्पुरुखं व्यदधुः कतिधाव्यकल्पयन् ।
मुखं किमस्यासीत् किं बाहू किमूरुपादावुच्येते ॥

सर्वे लता-क्षुप-वनस्पतयः स्वकाले
नीलांबरं तव गुणैरुपलक्ष्यमाणम् ।
अर्चन्ति पुष्पफलपत्रचयेन पूर्वम्
पश्चाद् वयं च कृपणा अपराहतेन ॥

पुष्पमाला

मन्ये ततो हि भवता तरुवल्लरीणां
नारेश्वरे वनवरे विहितोऽधिवासः ।
एवं जडैरपि जिताः सुमनःस्रजस्ते
रंगावधूतपदयोः पुनराहरामः ॥

[હે ભગવાન રંગાવધૂત! (આ જગતની) બધી લતાઓ, નાના છોડ, વનસ્પતિઓ, વૃક્ષો વગેરે પોત પોતાના ઋતુકાળમાં (પોતાના ફૂલ, ફળ આવવાનો સમય આવે ત્યારે) પહેલેથી જ ફૂલ, પાંદડા વગેરેના મબલખ ઢગથી તારા ગુણોથી ઉપલક્ષિત એવા 'નીલામ્બર' (આકાશ)ની પૂજા કરે છે. દીન એવા અમે તો એ વનસ્પતિઓ પરથી બીજા વડે લવાયલા ફૂલ ફળથી તને પછીથી પૂજીએ છીએ!]

[હું માનું છું કે આ જ કારણે તો તેં ઝાડવેલીઓથી ખીચોખીચ ઉભરાતા એવા નારેશ્વરના પ્રગાઢ જંગલમાં વાસ કર્યો છે. આમ જડ પદાર્થોથી પરાજિત થયેલા અમે તારા ચરણકમળમાં ફૂલની માળાઓ અર્પણ કરીએ છીએ. (ભગવાન રંગાવધૂતની આકાશ સાથેની ગુણોપમા દ્વારા પૂ. બાપજીમાં અનંતતા, વ્યાપકતા, નિર્લેપતા, વિશુદ્ધિ, નિર્મલિનતા, 'खं ब्रह्म' એ ઔપનિષદિક સિદ્ધાન્ત પ્રમાણે બ્રહ્મસ્વરૂપતા અને એ દ્વારા દત્તાવતારપણું વગેરે અનેક બાબતો વ્યંજિત કરી છે.)]

हंसं तमसः पारं सारं नृभवस्य
कालं कालातीतमतीतं विभवस्य।
गो-कुक्कुरसम-दृष्टिं दृष्टिं दृष्टेर्हि
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥

अन्तर्यामी यो बहिरास्ते गुरुरूपो
विष्णुब्रह्मसदाशिवरूपो बहुरूपः ।
दानादित्रितयं यच्-शिक्षा त्वकहन्त्री
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥

[હંસસ્વરૂપ, તમસને પેલે પાર વસેલા, મનુષ્ય જન્મના સારરૂપ, કાલ સ્વરૂપ, કાલથી અતીત, ભિન્ન ભિન્ન જન્મોથી પર તથા ગાય અને કૂતરાં તરફ સમદૃષ્ટિવાળા અને દૃષ્ટિની પણ દૃષ્ટિ એવા હૃદયમાં વસનાર તે ભગવાન દત્તાત્રેયને હું નમું છું.]

[અંતર્યામી છતાં જે બહાર ગુરુસ્વરૂપે વસે છે, બ્રહ્મા વિષ્ણુ અને સદાશિવ સ્વરૂપ જે બહુરૂપી છે અને દાન (દયા, દમન) વગેરે ત્રણ પ્રકારનો જેનો બોધ પાપને હણનારો છે એવા હૃદયમાં બિરાજમાન તે દત્તાત્રેયને હું નમન કરું છું.]

લતા, છોડ ને વનસ્પતિ સૌ ઋતુકાલે,
પૂર્ણ ફૂલ ને ફળનાં મબલખ ઢગ સાથે,
તુજ ગુણ ઉપલક્ષિત નીલઅંબરને અર્પણ,
અમે પૂજામાં એ ફળ ફૂલ ધરતાં કૃપણ.

વૃક્ષવેલીથી વિટળાયેલું નારેશ્વર,
કેમ ગમ્યું તુજને? તે જાણ્યું મેં ગુરુવર,
જડ પદાર્થથી અમને સૌને હાર મળી,
પાદપદ્મ-પૂજન તો પણ ફૂલહાર ધરી.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે ઋતુકાલોદ્ભવાનિ પુષ્પાણિ ચ પુષ્પમાલાં સમર્પયામિ ।

અંગપૂજા

શ્રી શાન્તાય	નમઃ ।	પાદૌ	પૂજયામિ ।
શ્રી યોગીન્દ્રવર્યાય	નમઃ ।	જંઘે	પૂજયામિ ।
શ્રી દ્વિજકુલતિલકાય	નમઃ ।	ઊરૂં	પૂજયામિ ।
શ્રી શ્રોત્રિયાય	નમઃ ।	કટીં	પૂજયામિ ।
શ્રી બ્રહ્મનિષ્ઠાય	નમઃ ।	નાભિં	પૂજયામિ ।
શ્રી દત્તાત્રેયં સ્મરતે	નમઃ ।	હૃદયં	પૂજયામિ ।
શ્રી જનહિત-નિરતાય	નમઃ ।	બાહૂ	પૂજયામિ ।
શ્રી સચ્ચિદાનંદ-સ્વરૂપાય	નમઃ ।	હસ્તૌ	પૂજયામિ ।
શ્રી સિદ્ધાય	નમઃ ।	કંઠં	પૂજયામિ ।
શ્રી રેવાતટસ્થાય	નમઃ ।	મુખં	પૂજયામિ ।
શ્રી નિજપરહિતાય	નમઃ ।	નાસિકાં	પૂજયામિ ।
શ્રી નિત્યમત્તાવધૂતાય	નમઃ ।	નેત્રે	પૂજયામિ ।
શ્રી સતે	નમઃ ।	શ્રોત્રે	પૂજયામિ ।
શ્રી નારેશ્વરસ્થાય	નમઃ ।	લલાટં	પૂજયામિ ।
શ્રી મથિતકલિમલાય	નમઃ ।	શિરઃ	પૂજયામિ ।
શ્રી પાંડુરંગાય	નમઃ ।	સર્વાંગાણિ	પૂજયામિ ।

દૂર્વા, તુલસીદલ, બિલ્વપત્રાણિ

ૐ કાંડાત્ કાંડાત્ પ્રરોહન્તી પરુષઃ પરુષસ્પરિ ।
એવા નો દૂર્વે પ્રતનુ સહસ્રેણ શતેન ચ ॥

શૈવી કલેતિ કમલૈઃ સહ બિલ્વપત્રં
ત્વં વૈષ્ણવીતિ સુમનસ્તુલસીદલાનિ ।
બ્રાહ્મીકલેતિ ભવતશ્ચરણેઽર્પયામિ
દૂર્વાંકુરાન્ કુશયવૈઃ સહિતાન્ મનોજ્ઞાન્ ॥

[હે ગુરુ ! આપ શિવના અંશ છો તેથી કમળો સાથે બિલિપત્ર, વિષ્ણુના અંશ છો તેથી ફૂલ-તુલસીદલ વગેરે અને બ્રહ્માજીના અંશ છો માટે મનોહર દુર્વા, દર્ભ, જવ વગેરે આપના ચરણ-કમળમાં અર્પણ કરું છું.]

હરના અંશ તમોને પદ્મ બિલિપત્ર,
હરિના અંશ તમોને ફૂલ, તુલસી, અત્ર,
વિધિના અંશ તમોને હું અર્પણ કરતો,
દૂર્વાંકુર ને દર્ભ વળી જવ હું ધરતો.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે દુર્વાંકુરાનિ, તુલસીદલાનિ ચ બિલ્વપત્રાણિ સમર્પયામિ ।

પરિમલસૌભાગ્યદ્રવ્યાણિ

અબિલં ચ ગુલાલં ચ હરિદ્રાદિ-સમન્વિતમ્ ।
નાના પરિમલદ્રવ્યં ચ ગૃહાણ પરમેશ્વર ॥

ચૂર્ણીકૃત્ય મહાર્ઘમૌક્તિકમણીં શ્રીચૂર્ણપૂજાવિધેઃ
કાલો હન્ત ગતઃ પરસ્પરમહા-દ્રોહાકુલાદ્ ભારતાત્ ।
અદ્ય ત્વેષ સુપીતરક્તધવલૈશ્ચૂર્ણૈઃ કલાભિઃ કૃતૈઃ
પૂજાં તે પરિકલ્પયામિ ભગવન્ ! અક્ષોભમંગીકુરુ ॥

[(પહેલાં) ચૂર્ણપૂજાવિધિમાં અત્યંત કિંમતી મોતી અને મણિઓનું ચૂર્ણ (ભૂકો) કરીને પૂજા થતી હતી. પરંતુ એકબીજા સાથેના ભયંકર દ્રોહથી આકુળ ભારતમાંથી તે સમય ગયો, તેથી આજે બનાવટી (Synthetic) રીતે તૈયાર કરાયેલા ધોળા (અબીલ), લાલ (ગુલાલ) અને પીળા (હળદરના) ચૂર્ણો વડે હું તારી પૂજા કરું છું. હે ભગવાન રંગાવધૂત ! જરાય ક્ષોભ વગર આપ તે સ્વીકારો.]

ચૂર્ણપૂજાવિધિમાં મણિમોતીચૂર્ણ ધર્યું,
દ્રોહ પરસ્પર ધરી જીવન બરબાદ કર્યું,
કલાપૂર્ણ આ શ્વેત, રકત, પીળા ચૂર્ણે,
ક્ષોભ વિના પ્રભુ પૂજા સ્વીકારી લો તૂર્ણે.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવતે પરિમલસૌભાગ્યદ્રવ્યાણિ સમર્પયામિ ।

ધૂપમ્

બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્ બાહૂ રાજન્યઃ કૃતઃ ।
ઊરૂ તદસ્ય જદ્વૈશ્યઃ પદ્ભ્યાગ્ગું શૂદ્રો અજાયત ॥

દગ્ધ્વા બુદ્ધિગતાન્ સુગંધિવિષયાન્ જ્ઞાનાગ્નિના કુંભકે
તદ્ધૂમેન દિગંતરસ્થ-દુરિત-વ્રાતસ્ય સંશોધિના ।
નિત્યં તે તનવાનિ ધૂપમધન-વ્રાતૈક-બન્ધો પ્રિયં
ધ્યાત્વૈવં વિદધેઽદ્ય ધૂપનવિધિં રંગાવધૂત પ્રભો ॥

[જ્ઞાનરૂપી અગ્નિવડે કુંભક-પ્રાણાયામ વિધિથી બુદ્ધિમાં રહેલા સુગંધી (લલચાવનાર) વિષયોને બાળી, દિશાઓના છેડા સુધી રહેલા દુરિતોના સમૂહ (પાપ-સમૂહ)ને શુદ્ધ કરનારા તેના ધૂમથી તને પ્રિય એવો ધૂપ હું હંમેશ અર્પણ કરું. નિર્ધનોના એક માત્ર બંધુ એવા હે રંગ પ્રભુ ! આમ વિચારી આજે એવા ધૂપવિધિથી હું તારી પૂજા કરું છું.]

યં જ્ઞાત્વાન્યદ્ જ્ઞાતવ્યં નો ભુવિ કિંચિદ્
યં દૃષ્ટવાન્યદ્ દૃષ્ટવ્યં નો યદ્વજર્યમ્ ।
દૃશ્યાતીતં દૃશ્યવિહીનં દગ્રૂપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[જેને જાણ્યા પછી આ જગતમાં બીજું કંઈ પણ જાણવા જેવું બાકી રહેતું નથી, જેને જોયા પછી એના સિવાય (આ જગતમાં) બીજું કંઈ જોવા જેવું રહેતું નથી એવા દૃશ્યથી અતીત, દૃશ્યવિહીન, દગ્સ્વરૂપ, હૃદયમાં વસનાર તે દત્તાત્રેયને હું પ્રણમું છું.]

જ્ઞાનાગ્નિ કુંભકથી મતિ વિષયો બાળી,
દૂર રહેલા દુરિતસમૂહને પ્રજવાળી,
ગમે તને તેવો આ ધૂપ પ્રભુ! ધરતો,
દીનબંધુ! રંગા! હું ધૂપ પૂજા કરતો.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવન્તં પ્રત્યક્ષં ધૂપં આઘ્રાપયામિ ।
(એક આચમની જળ મૂકવું.)

દીપ

ચન્દ્રમા મનસો જાતશ્ચક્ષોઃ સૂર્જો અજાયત ।
શ્રોત્રાદ્વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત ॥

દિને દિનેશો નિશિ તારકેશો
ગ્રહેશ્વરા દેવગણાસ્તથાન્યે ।
ત્વાં દીપયન્ત્યેવ તથાપિ રંગ
દીપાવલીં તે પરિકલ્પયામિ ॥

[દિવસે ભગવાન સૂર્ય, રાત્રે નક્ષત્રપતિ ચંદ્ર, તેમજ અન્ય દેવગણો, ગ્રહપતિઓ વગેરે તને દીપાવી રહ્યા છે, છતાં હે રંગ-પ્રભો ! હું દીપાવલીથી તારી પૂજા કરું છું.]

શુદ્ધં બુદ્ધમનન્તં નિશ્ચલમનવદ્યં
ગેયં ધ્યેયં જ્ઞેયમજસ્રં સમ્રાજમ્ ।
શબ્દામેયં શબ્દસ્ફોટં સન્માત્રં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[શુદ્ધ, બુદ્ધ, અનંત, નિશ્ચલ, અનવદ્ય(પ્રશંસનીય), હમેશાં ગાવા (ભજન કરવા) યોગ્ય, હમેશાં ધ્યાન કરવા યોગ્ય, હમેશાં જાણવા યોગ્ય, સમ્રાટ, શબ્દોથી અમાપ, શબ્દમાં સ્ફોટરૂપે રહેલા, સત્તામાત્ર એવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેય ભગવાનને હું વંદન કરું છું.]

દિવસે દિનમણિ, રાતે શશી-નક્ષત્રપતિ,
તુજ સેવામાં અન્ય દેવગણ ગ્રહપતિ,
દીપ બનીને પ્રકાશ પાથરતા ગગને,
ધરું માનસિક દીપાવલી રંગ ! તુજ પૂજને.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવન્તં પ્રત્યક્ષં દીપં દર્શયામિ ।
(એક આચમની જળ મૂકવું.)

નૈવેદ્યમ્

નાભ્યા આસીદન્તરિક્ષગ્ગું શીષ્ણોદ્યૌઃ સમવર્તત ।
પદ્ભ્યામ્ભૂમિર્દિશઃ શ્રોત્રાત્ તથા લોકાઁર અકલ્પયન્ ॥

આમાન્ પકવાન્ સુપકવાન્ પયસિ વરઘૃતે પાચિતાન્ ભક્ષ્યભોજ્ય
લેહ્યાન્ પેયાંશ્ચ ચોષ્યાન્ સુરનરમુનિભિઃ સેવનીયાન્ રસાઢ્યાન્
રંગાગ્રે સ્થાપયંસ્તે સકલરસવિદો નિસ્ત્રપોઽપિ ત્વપેદ
નૈવેદ્યં ભાવરૂપં યતિવર ભવતે તેન ચૈવાર્પયામિ

[હે પ્યારા રંગદેવ! આમ (કાચા) શ્રેષ્ઠઘીમાં પાકા (રાંધેલા) અને દૂધ
ચડવેલા (રાંધેલા) ભક્ષ્ય પદાર્થો (શીરો વગેરે), ઉત્તમ ઘીમા તળેલાં ભોજન દ્રવ્ય
(ચાવીને ખવાય તે પૂરી, શાક વગેરે), લેહ્ય (ચાટણ દ્રવ્યો-મઠો), પેય (પી શકાય
-દૂધપાક વગેરે) અને ચોષ્ય (ચૂસીને ખવાય તે - કેરી જેવા) રસભર અને દ
મનુષ્ય, ઋષિ મુનિઓથી સેવન કરવા યોગ્ય ખાદ્ય ચીજો સકલ રસાસ્વાદના નિપુ
એવા તારી આગળ મૂકતાં નિર્લજ્જ, છતાંપણ હું ખૂબ શરમિંદો બનું છું અને તેથી
યતિવર ! હું તને ભાવરૂપી નૈવેદ્ય અર્પું છું.]

ભાવાતીતં ભાવિતભક્તં ભવદાવમ્
વંદ્યં વાદ-વિવર્જિતવેદ્યં વનિ-વર્જ્યમ્ ।
સ્ત્રી-પુંભેદ વિહીનમભેદં સુખરૂપમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ।

[ભાવથી પર, ભક્તોને લાડ લડાવનારા, સંસારના દાવાનળ, વંદન કરવા
યોગ્ય, વાદરહિત ને જાણવા યોગ્ય, ઈચ્છારહિત, (જેની દૃષ્ટિમાં) સ્ત્રી, પુરુષ વગેરે
ભેદ નથી એવા ભેદરહિત, સુખસ્વરૂપ, હૃદયમાં વસનાર તે દત્તાત્રેયને નમું છું.]

આમ, પકવ, દૂધમાં રાંધેલા, ઘીમાં તળ્યાં,
ચૂસવાનાં, ચાટણ, પીવાનાં દ્રવ્ય બધાં,
સુરનર મુનિવર સેવ્ય, સકલ રસવિદ્ ગુરુવર!
શરમ તજી નૈવેદ્ય ભાવનું ધરું યતિવર.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવન્તં નૈવેદ્યં નિવેદયામિ ।
(એક આચમની જળ મૂકવું.)

સમર્પણમ્

પ્રાણાપાન-વ્યાનોદાન-સમાનેભ્ય એવ તે ગ્રાસાઃ ।
સ્વાહા ભવન્તુ પશ્ચાત્ ક્ષાલનજલચન્દનાદિમુખવાસાઃ ॥

[પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન-એ-પંચ-પ્રાણ માટે જ તારા ગ્રાસ
(કોળિયા) 'સ્વાહા' બનો. પછી મુખપ્રક્ષાલન માટે જલ, (હાથ ધોવા) ચન્દન વગેરે
અને મુખવાસ (સ્વીકારો)]

પ્રાણ, અપાન ને વ્યાન, ઉદાન, સમાન વળી,
પંચપ્રાણના પોષણ કાજે ગ્રાસ ધરી,
પંચગ્રાસ નૈવેદ્ય તણા સ્વાહા થાઓ,
મુખક્ષાલન કાજે ચંદન-જળ સ્વીકારો.

ફલાનિ

કિંચિત્ કદાપિ સુકૃતં ભવદીય યોગાજ્
જાતં ભવેત્ સમતિ-નિર્મતિ વાપ્યકસ્માત્ ।
તસ્યાસ્તુ યત્ ફલમદો ભવદર્ચનાયામ્
એતત્ ફલેન ભગવન્ વિનિવેદયામિ ॥

[આપના સત્સંગને લીધે કોઈવાર, કદાચ બુદ્ધિપૂર્વક, અવિચારી રીત
અકસ્માત કંઈક સુકૃત મારા હાથે થયું હોય, તો તેનું (મને પ્રાપ્ત થતું) ફળ આજે
આપની પૂજાવિધિમાં 'ફલ'રૂપે આપને અર્પણ કરું છું.]

આપ તણા સત્સંગે સુકૃત કંઈ કીધું,
જાણ્યે-અજાણ્યે અકસ્માત કંઈ દઈ દીધું,
એનું ફળ મળવાનું હોય જો કાંઈ મને,
મુખ શુદ્ધયર્થ ફળરૂપે ફળ અર્પું તુજને.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે મુખશુદ્ધયર્થે ફલં સમર્પયામિ ।

ताम्बूलम्

जत्पुरुखेण हविखा देवा जज्ञमतन्वत ।
व्वसन्तोस्यासीदाज्यं ग्रीख्मऽईध्मः शरद्धविः ॥

रंग त्वदीय हृदयस्थ-समस्त-देव-
पूजाप्रसाद-सुधया सुविलिप्तमेतत् ।
हृत्पद्मपत्रमधुनात्रिजभक्तिसारं
ताम्बूल-पूजनविधौ विनिवेदयामि ॥

[હે ગુરુ ! તારા હૃદયમાં રહેલા સઘળા દેવોની પૂજા કરવાથી (પ્રાપ્ત) કૃપારૂપી ચૂના (સુધા)થી સારી રીતે ચોપડાયેલું અને અત્રિ પુત્ર ભગવાન દત્તની ભક્તિરૂપી કાથા (સાર)વાળું મારું હૃદય-કમળરૂપી પાન આજે તામ્બૂલ-પૂજન વિધિના અંગ તરીકે અર્પું છું.]

તુજ હૈયે વસતા સહુ દેવો રંગ ગુરો!
એની પૂજા પ્રસાદ પીયૂષનો ચૂનો,
અત્રિજ-દત્તની ભક્તિતણા કાથાવાળું,
મુખવાસાર્થે હૃદય-પદ્મ-પત્ર જ લાવું.

ॐ द्रां दत्तात्रेयाय नमः । ॐ भूर्भुवः स्वः ॐ श्रीमद् भगवद्
रंगावधूत-चरणकमल-शक्तिश्री पादुकाभ्यां नमः ।
भगवते तांम्बुलं पूगीफ़लं એલાદિચૂર્ણ समर्पयामि ।

दक्षिणा

नो पाणिना स्पृशसि कांचनराजताद्रीन्
कार्षापणस्य तु कथा पुनरत्र का स्यात् ।
सांगत्व-सद्गुणतयोस्तु सदैव सिद्धयै
वाचं मनश्च निदधे तव दक्षिणायाम् ॥

[હે ગુરુદેવ ! સોના કે ચાંદીના પર્વતોને પણ તમે હાથ લગાડતા નથી તો પછી નાની-મોટી કિંમતના સિક્કાઓની તો આપની પાસે કિંમત જ શી ? અને તેથી પૂજાની સાંગતા અને સદ્ગુણતાની સિદ્ધિ માટે દક્ષિણા તરીકે હું મારાં વાણી અને મન અર્પણ કરું છું. (દક્ષિણા મૂક્યા વગર પૂજનની સાંગતા કે સાદ્ગુણ્ય થતાં નથી. એટલે કે પૂજન અપૂર્ણ રહે છે. પૂજ્ય બાપજી ધનને સ્પર્શ કરતાં ન હોવાથી શાસ્ત્રીજી દક્ષિણામાં પૂજ્યશ્રીના ચરણોમાં વાણી અને મન કુશળતાથી ધરી દે છે.)]

જાગર સ્વપ્ન સુષુપ્તિવિહિનો યો નિત્યં
ભક્તાર્તિઘ્નો જાગર્તીહ પ્રત્યક્ષમ્ ।
બાહ્યાભ્યન્તર પૂર્ણ વરેણ્યો વરકીર્તિ-
દત્તાત્રેયં તં હૃદિસન્તં પ્રણતોઽસ્મિ ॥

[જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ વિનાના, નિત્ય, ભક્તોનાં દુઃખ દૂર કરનાર અને પ્રત્યેક ઇન્દ્રિયમાં (આ લોકમાં) જે જાગતો છે, અંદર અને બહાર પૂર્ણરૂપે ભરેલો છે, પસંદ કરવા યોગ્ય છે અને ઉત્તમ કીર્તિવાળો છે તેવા હૃદયમાં વસનારા તે દત્તાત્રેય-પ્રભુને હું પ્રણામ કરું છું.]

હેમ-રજતના ગિરિવરને પણ સ્પર્શો ના,
ચલણી સિક્કાની ગુરુવર પછી વાત જ કાં ?
પૂજાની સાંગતાર્થે સદ્ગુણસિદ્ધિમાં,
મન-વાણી અર્પણ કરતો દક્ષિણામાં.

ॐ द्रां दत्तात्रेयाय नमः । ॐ भूर्भुवः स्वः ॐ श्रीमद् भगवद्
रंगावधूत-चरणकमल-शक्तिश्री पादुकाभ्यां नमः ।
भगवते हेमदक्षिणार्थे पुष्पदक्षिणां समर्पयामि ।

દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્‌ચિત્‌સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય,
ક્યાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૯

આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!
સૂણી અર્જુન[૧] કેરો સાદ રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ[૨] !! ૧૦

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, દિતિસુત[૩] ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઈ કંઈ શર્વ[૪] કીધી, વર્ણવે કો તે સર્વ ? ૧૪

દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્‌લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત !! ૧૮

જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.[૫],
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !! ૨૨

શુષ્ક્કાષ્ઠને આણ્યાં પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર[૬] વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન[૭],
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર તેં તતખેવ ૨૬

૧. સહસ્રાર્જુન ૨. આશરો ૩. દૈત્ય ૪. શિવસ્વરૂપ ૫. ઝટ ૬. અતિવૃદ્ધ ૭. બધાં.

ઝાલર ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.
બ્રાહ્મણ-સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર,
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!! ૩૦

નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુ રૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪

રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ,
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ, પશુ પંખી પણ તુજને સાધ[૧]!!
અધમઓધારણ તારું નામ; ગાતાં સરે ન શાશાં કામ ?
આધિ-વ્યાધિ-ઉપાધિ સર્વ, ટળે સ્મરણ માત્રથી શર્વ[૨]!
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતા મૂર્ત,
કરી ધૂપ ગાયે જે એમ દત્તબાવની આ સપ્રેમ,
સુધરે તેના બન્ને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર તેનાં જાય!! ૪૪

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેકરૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ,
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮

વંદું તુજને વારંવાર વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવ તૃપ્તિનો ઉદ્‌ગાર[૩], સૂણી હસે તે ખાશે માર!
તપસી તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ!! ૫૨

•

૧. સાધુવૃત્તિવાળાં, સારાં ૨. શિવ ૩. (i) ઓડકાર (ii) વેણ

आरार्तिकम्
(બિરુદાવલિ)

અખંડ-ભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગ-પ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનન્દન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્।

(અખંડ ભૂમંડલના આચાર્ય, વૈદિકધર્મના પ્રચારક, યોગમાર્ગના પ્રવર્તક, અત્રિને વરદાન આપનાર, અનસૂયાના પુત્ર, પરબ્રહ્મ સ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેય અવધૂત વિજય પામે છે, વધુને વધુ વિજય પામે છે, અત્યંત વિજય પામે છે.)

અનંતકોટિ બ્રહ્માંડનાયક, જ્ઞાન-કર્મોપાસના-માર્ગત્રય-પ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્-દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલ-રુકમામ્બાનન્દન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્ ।

(અનંતકોટિ બ્રહ્માંડના નાયક, જ્ઞાન, કર્મ અને ઉપાસના ત્રણે માર્ગના પ્રવર્તક, દકાર આદિ (દયા, દાન અને દમન) વિદ્યાનો ફેલાવો કરનાર, શ્રીમદ્ દત્તાત્રેયના અન્ય અવતાર (અપરાવતાર), વિઠ્ઠલ અને રુકમાના પુત્ર, યતિઓમાં શ્રેષ્ઠ, ભગવત્ સ્વરૂપ શ્રીમદ્ રંગાવધૂત વિજય પામે છે, વધુને વધુ વિજય પામે છે, અત્યંત વિજય પામે છે.)

દત્તાત્રેયની આરતી

જય જય જય ગુરુદેવ !
વન્દે અત્રિકુમારં, ત્રિભુવન-ભર્તારમ્ (૨)
જનિમૃતિ-સંસૃતિકાલં તાપત્રયહારમ્....જય જય ૧
કરુણાપારાવારં, યોગિજનાધારમ્ (૨)
કૃતભવજલનિધિ-પારં ષડ્દર્શન-સારમ્....જય જય ૨
ભોગાપવર્ગદ્વારં, કૃતમોદાસારમ્ (૨)
નતજન-વરદાતારં, નિગમાગમ-સારમ્....જય જય ૩
ધૃતગલ-મૌક્તિક-હારં, કીર્ણજટા-ભારમ્ (૨)
ધામ્ના નિર્જિતમારં ષડ્રિપુ-સંહારમ્...જય જય ૪
દુઃશીલાતિકરાલં, ભસ્માંકિત-ભાલમ્ (૨)
શંખ-ત્રિશૂલ-ભાજન-સ્રગ્-વાદ્યારિકરમ્[1]....જય જય ૫
કલિ કલ્મષ હન્તારં સુરનરમુનિ તારં, (૨)
વૃતવિજનૈક વિહારં જ્ઞપ્તિ સુધાહારમ્....જય જય ૬
દેવ-ત્રયાવતારં, શાંતિ-સુધાગારમ્
દૂરીકૃતનતભારં રંગારંગકરમ્....જય જય ૭

રંગ અવધૂત મહારાજની આરતી

જય દેવ ! જય દેવ ! (ટેક)
જય પાંડુરંગ સ્વામી ! ગુરુ રંગ અવધૂત સ્વામી.
સહુના અંતર્યામી પૂરણ નિષ્કામી.....જય દેવ. ૧
આરતી પ્રેમે ઉતારું આણી ઉમંગ, ગુરુ આણી ઉમંગ.
દર્શનથી દુઃખ ટાળો, બાળો ભવસંગ..... જય દેવ. ૨
સગુણ સ્વરૂપે દેવ ભક્તની ભીડ ભાંગો, ગુરુ ભક્તની.
દુઃખી હૃદયને જાણી દયા દિલે આણો..... જય દેવ. ૩
પરમ કૃપાળુ ગુરુદેવ સૌને સુખ કર્તા, ગુરુ સૌને.
અંતરના આનંદથી વિમુખ નવ રહેતા..... જય દેવ. ૪

---

૧. કમંડલ (ભજન), માળા (સ્રગ્) ડમરું (વાદ્ય), ચક્ર (અરિ)

લેતાં આપનું નામ સંકટ સહુ જાયે, ગુરુ સંકટ૦
જન્મમરણની ભીતિ દેખતાં દૂર થાયે. જય દેવ૦ ૫

અખંડ બ્રહ્મસ્વરૂપ બ્રહ્મચારી પોતે, ગુરુ બ્રહ્મચારી૦
પ્રથમ આશ્રમ પાળી રહ્યા, શુકદેવને જોટે..... જય દેવ૦ ૬

કળીયુગમાં ગુરુદેવ કષ્ટ સહન કરતા, ગુરુ કષ્ટ૦
દ્વૈત નિકંદન કાઢી અદ્વૈતે રમતા..... જય દેવ૦ ૭

ત્રિવિધ તાપના તાપ તેનો ભય ટાળો, ગુરુ તેનો૦
જ્ઞાનામૃત છાંટીને શુદ્ધિમાં લાવો..... જય દેવ૦ ૮

શિષ્યા[1] કહે ગુરુદેવ ષડ્‌રિપુ સંહારો, ગુરુ ષડ્‌રિપુ૦
સંશય સઘળા કાપી સદ્‌બુદ્ધિ આપો..... જય દેવ૦ ૯

રંગ અવધૂતની આરતી જે કોઈ ગાશે, ગુરુ જે ભાવે૦
કૃપા દત્ત પ્રભુની તેના પર થાશે..... જય દેવ૦ ૧૦

•

(કપૂર સળગાવવું)

કર્પૂરપૂરેણ મનોહરેણ સુવર્ણ-પાત્રાંતર[2]-સંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન નીરાજનં તે હ્યવધૂત કુર્વે ॥

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિન્દે ભવં ભવાની-સહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડ-ધ્વજઃ ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનો હરિઃ ॥

સર્વ-મંગલ-માંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

•

૧. મૂળી ફોઈ (દાસકાકાની દીકરી) ૨. પાઠાંતર-સુવર્ણપાત્રોદર

મંત્રપુષ્પાંજલિ

ૐ જજ્ઞેન જજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત જત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥

ૐ રાજાધિરાજાય પ્રસહ્ય-સાહિને નમો વયં વૈશ્રવણાય કુર્મહે ।
સ મે કામાન્ કામ-કામાય મહ્યમ્ કામેશ્વરો વૈશ્રવણો દદાતુ ।
કુબેરાય વૈશ્રવણાય મહારાજાય નમઃ ॥

ૐ સ્વસ્તિ સામ્રાજ્યં ભોજ્યં, સ્વારાજ્યં વૈરાજ્યં, પારમેષ્ઠ્યં,
રાજ્યં, મહારાજ્યમાધિપત્યમયં સમન્તપર્યાયી સ્યાત્ સાર્વભૌમઃ સાર્વાયુષ
આન્તાદાપરાર્ધાત્ । પૃથિવ્યૈ સમુદ્રપર્યન્તાયા એકરાડિતિ ।
તદપ્યેષ શ્લોકોઽભિગીતો । મરુતઃ પરિવેષ્ટારો મરુત્તસ્યાવન્ગૃહે ।
આવિક્ષિતસ્ય કામપ્રે વિશ્વેદેવાઃ સભાસદ ઈતિ ॥

ૐ વિશ્વતશ્ચક્ષુરુત વિશ્વતોમુખો વિશ્વતોબાહુરુત વિશ્વતસ્પાત્ ।
સમ્બાહુભ્યામ્ ધમતિ સમ્પતત્રૈર્ દ્યાવાભૂમી જનયન્ દેવ એકઃ ॥

ૐ દિગંબરાય વિદ્મહે । અવધૂતાય ધીમહિ । તન્નો દત્તઃ પ્રચોદયાત્ ॥

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । શ્રીદત્તાત્રેય-શ્રીપાદશ્રીવલ્લભસ્વરૂપ-
સદ્‌ગુરુ શ્રીરંગાવધૂતાય નમઃ ॥ મંત્રપુષ્પાંજલિં સમર્પયામિ ॥

વિશેષાર્ઘઃ

માતુઃ પિતુઃ પાદનિષેવણાદ્ યત્
પુણ્યં ફલં ગુર્વતિથિ-પ્રણામાત્ ।
વેદશ્રુતેર્જાતમથાધ્વરાદ્વા
તત્તો વિશેષાર્ઘતયાઽર્પયામિ ॥

[માતાપિતાના પાદસેવનથી, ગુરુ-અતિથિ વગેરેને પ્રણામ કરવાથી, વેદોના જ્ઞાનથી અને યજ્ઞ કર્મ સમ્પાદન કરવાથી જે પુણ્ય ફળ મને મળ્યું હોય તેને "વિશેષાર્ઘ" રૂપે હું અર્પણ કરું છું.]

માતપિતાના ચરણ-કમળના સેવનથી,
સદ્‌ગુરુને વળી અતિથિદેવને નમન થકી,
વેદજ્ઞાન કે યજ્ઞકર્મથી પુણ્ય મળ્યું,
વિશેષાર્ઘમાં દેવ તમારે ચરણ ધરું.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । ભગવતે વિશેષાર્ઘ્યં સમર્પયામિ ।

સ્તુવીત

(અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્ર)

શ્રીપાદશ્રીવલ્લભ ત્વં સદૈવ
શ્રીદત્તાઽસ્માન્ પાહિ દેવાધિદેવ ।
ભાવગ્રાહા કલેશહારિન્ સુકીર્તેઽ
ઘોરાત્ કષ્ટાત્ ઉદ્ધરાસ્માન્નમસ્તે ॥ ॥૧॥

ત્વં નો માતા ત્વં પિતાપ્તોઽધિપસ્ત્વં
ત્રાતા યોગક્ષેમકૃત્ સદ્‌ગુરુસ્ત્વં ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તેઽ....ઘોરાત્ ॥ ॥૨॥

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં
ભીતિં કલેશં ત્વં હરાશુ ત્વદન્યમ્ ।
ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તેઽ....ઘોરાત્ ॥ ॥૩॥

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા
ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽકહર્તા
કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતેઽ...ઘોરાત્ ॥ ॥૪॥

ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિં
સત્સંગાપ્તિં દેહિ ભુક્તિં ચ મુક્તિં
ભાવાસક્તિં ચાખિલાનંદમૂર્તેઽ... ઘોરાત્ ॥ ॥૫॥

શ્લોક પંચકમેતદ્ યો લોકમંગલવર્ધનમ્ ।
પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત્ ॥ ॥૬॥

[શ્રીપાદ શ્રીવલ્લભ! હે દેવાધિદેવ દત્ત ! તું સદાયે અમારું રક્ષણ કર. હે કલેશ હરનાર, સત્કીર્તિવાળા ! ભાવનું ગ્રહણ કરીને અઘોરકષ્ટમાંથી અમારો ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો ! (૧)

તું અમારી માતા છે. તું પિતા છે, આપ્તજન છે, અધિષ્ઠાતા પણ તું જ છે. યોગ અને ક્ષેમને ચલાવનાર તથા રક્ષણ કરનાર સદ્‌ગુરુ પણ તું જ છે. હે પ્રભુ! હે વિશ્વમૂર્તે ! તું અમારું સર્વસ્વ છે. (શ્રીપાદ દત્ત) અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો ! (૨)

પાપ, તાપ, વ્યાધિ, આધિ, દૈન્ય, ભીતિ, કલેશને તું જલ્દીથી દૂર કર. તારા વિના હે ઈશ ! અમારો કોઈ રક્ષક નથી; તેથી હે ત્રિવિધતાપનો અસ્ત કરનાર ! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો ! (૩)

તારા વિના બીજો કોઈ રક્ષક નથી. દાતા અને સ્વામી પણ નથી. તું જ શરણ્ય છે અને દુઃખ હરનાર છે. હે આત્રેય (દત્ત) ! કૃપા કર. હે પૂર્ણ રાતે ! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો (૪)

ધર્મમાં પ્રીતિ, સન્મતિ, દેવની ભક્તિ, સત્સંગની પ્રાપ્તિ, ભુક્તિ અને મુક્તિ આપ. વળી ભાવની આસક્તિ આપ. હે અખિલ આનંદમૂર્તે ! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. તમને નમસ્કાર હો !

લોકોનાં મંગળ (કલ્યાણ) ને વધારનાર આ પાંચ શ્લોકોનો જે સંયત થઈ ભક્તિપૂર્વક પાઠ કરે છે તે દત્ત ભગવાનને પ્રિય થાય છે. (૬)]

શંખજલમ્

ભદ્રં ત્વમેવ સર્વત્ર સચ્ચિદાનંદમદ્વયમ્ ।
પ્રસીદ દેવ દેવેશ દત્તાત્રેય નમોઽસ્તુ તે ॥

શંખમધ્યે સ્થિતં તોયં શ્રીદત્તોપરિ ભ્રામિતં ।
અંગલગ્નં મનુષ્યાણાં બ્રહ્મહત્યાં વ્યપોહતિ ॥

(કલ્યાણ સ્વરૂપ, સર્વ વ્યાપી, સચ્ચિદાનંદ સ્વરૂપ, અજોડ અને બધા દેવોના દેવ એવા હે દત્તાત્રેય ! આપને નમસ્કાર હો ! આપ પ્રસન્ન થાઓ.
શંખમાં રાખેલું અને શ્રી દત્ત ઉપરથી ઓવારેલું આ જળ મનુષ્યોના શરીરના અંગમે લાગતાં જ બ્રહ્મહત્યા દૂર કરે છે.)

પ્રદક્ષિણા

સમ્રાસ્યાસન્ન પરિધયસ્ત્રિઃ સપ્તસમિધઃ કૃતાઃ ।
દેવાજજ્ઞન્તન્વાના અબધ્નન્ પુરુષં પશુમ્ ॥

યાનિ કાનિ ચ પાપાનિ જન્માન્તરકૃતાનિ ચ ।
તાનિ સર્વાણિ નશ્યન્તુ પ્રદક્ષિણં પદે પદે ॥

પ્રદક્ષિણીકૃત્ય પુનઃ પુનસ્ત્વાં
પ્રકીર્ય પુષ્પાંજલિમન્તતસ્ત્વામ્ ।
સ્તોત્રૈઃ સદા રંગ ગુરો સ્તુવીયાં
પ્રદેહિ શક્તિં સ્તુવતાં સુરા યામ્ ॥

(હે રંગ ગુરો ! વારંવાર તારી પ્રદક્ષિણા કરી, હૃદયપૂર્વક તારી પાસે (ચરણોમાં) પુષ્પાંજલિ અર્પણ કરી, હું સ્તોત્રો વડે તારી સ્તુતિ કરું. મને તું એવી શક્તિ આપ કે જેની દેવો પણ પ્રશંસા કરે.)

રંગ ગુરો ! કરું પ્રદક્ષિણા હું ફરી ફરી,
પુષ્પાંજલિ અર્પું હું હેયે ભાવ ભરી,
કરું સદા હું સ્તોત્ર થકી સ્તુતિ-ભક્તિ,
દેવ વખાણે એવી આપ આપો શક્તિ.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવન્તં સ્થલાભાવેન પ્રદક્ષિણાં પરિકલ્પયામિ ।

નમસ્કારાન્

બ્રહ્મૌજસા ભૂષિત-ભવ્ય-ભાલં
દિવ્યૌજસા દીપ્ત-વિશાલ-નેત્રમ્ ।
શાંતિપ્રદં યસ્ય મુખારવિંદં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યં ॥

ત્રીશં તિષ્યે તારકમાદ્યં તત્પદદં
દેહે દેહાતીતમભેદ્યં ભક્તેષ્ટમ્ ।
આદાવન્તે હ્યેકમભંગં વરરંગમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

[ત્રણ દેવમય, કલિયુગમાં તારક, આદ્ય અને તત્પદ (પરમાત્મપદ, મોક્ષ)ને દેનાર, સર્વદેહમાં દેહથી અતીત, અભેદ્ય અને ભક્તોને ઈષ્ટ (વહાલો) તથા આદિ અને અંતમાં એક અભંગ એવા શ્રેષ્ઠ રંગરૂપ હૃદયસ્થ ભગવાન દત્તાત્રેયના ચરણમાં હું પ્રણામ કરું છું.]

બ્રહ્મતેજથી ભૂષિત જેનું ભાલ ખરે,
દિવ્ય તેજથી વિશાલ નયનો શોભે અરે,
શાંતિ દેનારું મુખડું જેનું મધુરું,
રંગ ગુરુના ચરણકાળમાં નમન કરું.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્
રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવતે પ્રાર્થનાપૂર્વકમ્ નમસ્કારાન્ સમર્પયામિ ।

ક્ષમાપનમ્

આવાહનં ન જાનામિ ન જાનામિ તવાર્ચનમ્ ।
પૂજાં ચૈવ ન જાનામિ ક્ષમ્યતાં પરમેશ્વર ॥

અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્યભાવેન રક્ષસ્વ પરમેશ્વર ॥

ગતં પાપં ગતં દુઃખં ગતં દારિદ્ર્યમેવ ચ ॥
આગતા સુખ-સંપત્તિઃ પુણ્યોઽહં તવ દર્શનાત્ ।

ગુણા ગિરિસમા ગુરો તવ મમ ત્વિયં દુર્બલા
ન ગીઃ કથમપિ ક્ષમા કમપિ ગાતુમામૂલતઃ ।
મનોઽનુભવશાલિ ચેદહહ તદ્ ગિરા વંચિતમ્
તતઃ સ્થગિતધીરહં સુખકરીં ક્ષમાં પ્રાર્થયે ॥

[હે ગુરુદેવ ! તારા ગુણો પર્વત જેવા વિશાળ છે, જ્યારે મારી આ વાણી નિર્બળ છે. એ બધા ગુણ સંપૂર્ણપણે ગાવા હું લગીરે શક્તિમાન નથી. મારું મન અનુભવી હોય તો પણ અરેરે ! તે વાણી વગરનું છે. માટે સુખ આપે એવી ક્ષમા માગું છું.]

ગુરુ ગિર્વાણ ! ગિરિસમ ગુણલા ગણગણવા,
શક્તિમંત ના હું, મારી નિર્બળ ગિરા,
અનુભવી મનડું તો પણ અબોલ છે વ્હાલા !
ક્ષમા માંગે કરી કુલીનગણુ કાલાવાલા.

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂત-ચરણકમલ-શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ભગવન્તં ક્ષમાં યાચે ।

સમર્પણમ્

રંગાવધૂતપાદાબ્જ-પૂજનેન લઘીયસા ।
એકોઽન્તરાત્મા ભૂતાનાં દત્તનામા પ્રસીદતુ ॥

[ભગવાન રંગઅવધૂતનાં ચરણકમળની આ નાની શી પૂજા વડે જેનું નામ દત્ત છે તેવો, પ્રાણીમાત્રનો અંતરાત્મા પ્રસન્ન થાઓ. (જીવાત્મા પરમાત્માથી ભિન્ન નથી, એક જ છે. અહીં જીવ-શિવના ઐક્યનું સૂચન છે.)]

રંગ ગુરુ ભગવાન પદાંબુજ તુજ ન્યારા,
થઈ પૂજા આ નાનીશી જેના દ્વારા,
સહુ પ્રાણીના અંતરમાં રહેલો આત્મા,
પ્રસન્નતા પામો શ્રીદત્ત-પરમાત્મા.

જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે! તુજને નમું,
મૌનેવિરામી વૈખરી, જોઈ તને સઘળે રમું.
ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો,
વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો.

અનેન યથાજ્ઞાનેન યથામિલિતોપચારદ્રવ્યૈઃ ષોડશોપચારૈઃ પૂર્વકૃતસંકલ્પાનુસારેણ કૃતેન પૂજનેન ભગવાન્ શ્રીદત્તાત્રેયઃ સદ્ગુરુઃ ભગવાન્ શ્રીરંગાવધૂતઃ પ્રીયતાન્ ન મમ ।
ૐ તત્ સત્ બ્રહ્માર્પણમસ્તુ ।

ૐ વિષ્ણવે નમઃ, ૐ વિષ્ણવે નમઃ ૐ વિષ્ણવે નમઃ ।
વિષ્ણુસ્મરણાત્ સર્વં પરિપૂર્ણમસ્તુ ॥

અકાલ-મૃત્યુ-હરણં સર્વ-વ્યાધિ-વિનાશનમ્ ।
સદ્ગુરુપાદુકાતીર્થમ્ જઠરે ધારયામ્યહમ્ ॥

અવધૂત ચિંતન શ્રીગુરુદેવદત્ત ।

રંગાવધૂત ચરણૌ મનસા સ્મરામિ
રંગાવધૂત ચરણૌ વચસા ગૃણામિ ।
રંગાવધૂત ચરણૌ શિરસા નમામિ
રંગાવધૂત ચરણૌ શરણં પ્રપદ્યે ॥

રંગાવધૂતના ચરણોને હું મનથી સ્મરું છું,
રંગાવધૂતના ચરણોને હું વાણીથી સ્તવું છું,
રંગાવધૂતના ચરણોને હું શિરથી પ્રણમું છું,
રંગાવધૂતના ચરણોનું હું શરણ લઉં છું.

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્ગુરુ રૂપ તારું,
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે.

અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત ।
શ્રીમત્ પરમ સદ્ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજકી જય
ભગવતી રુકમામ્બા માતકી જય
શ્રીમત્ સદ્ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજકી જય
ગુરુદેવ દત્ત ! ગુરુદેવ દત્ત ! ગુરુદેવ દત્ત !
નર્મદે હર ! ૐ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ !

રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ (ધ્રુવ)
હર હર ૐ ૐ, હર હર ૐ ૐ
હર હર ૐ ૐ, હર હર ૐ ।
સાયં પ્રાતઃ પ્રાતઃ સાય હર હર ૐ ૐ સતતમિતિ ।.... ગાયતિ.૧

મેકલજાતા મનસિ વિભાતા, રૌતિ કલમ્ કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહં ત્વં ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ।... ગાયતિ.૨

તડિદુજ્જ્વલ-જલમુખતઃ સ્તૌતિ નીરંગં નાનારંગમ્
બ્રહ્માઽહં ત્વં બ્રહ્મૈવેદં જલશીકરવદભિન્નમિતિ ।.... ગાયતિ.૩

(નર્મદા મધુર અવાજથી ગાય છે. હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ એમ સાંજ-સવારે, સવાર-સાંજે સતત હર હર ૐ ૐ મધુર અવાજથી નર્મદા ગાય છે.

મેકલ (પર્વત)માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે. અહીં લાંબા સમયથી કંઈક મધુર અવાજ કરે છે. તું (ત્વમ્) હું (અહમ્) છું, હું તું છું, તું હું છું, હું તું છું તું હું છું, હું તું છું, તું હું છું એમ મધુર અવાજથી નર્મદા ગાય છે.

વીજળી જેવા પ્રકાશતા જળ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાત જાતના રંગવાળા (પરમાત્મા)ની નર્મદા સ્તુતિ કરે છે. હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે અને આ બધું પાણી અને એનાં ટીપાની માફક એકબીજાથી અભિન્ન છે.)

નર્મદા માત કી જય

તમે જમોને જમાડું રે રંગ સલોણા.
તમે પાતળીયા પધારો રે, પ્રીતે પરોણા-તમે જમોને. ટેક

વ્હાલાજી મારા ! પેંડા પતાસાં ને પોળી,
મેં પીરસી ઘેબર ઘારી રે, રંગ સલોણા (૨) તમે જમોને ૧

વ્હાલાજી મારા! આરિયાં તૂરિયાં ને ટીંડોડાં,
મહીં શબરીબાઈનાં બોરાં રે, રંગ સલોણા (૨) તમે જમોને ૨

વ્હાલાજી મારા! તાજી વાલોર વઘારી,
વિદુરના ઘરની ભાજી રે, રંગ સલોણા (૨)-તમો જમોને ૩

વ્હાલાજી મારા! જલ રે રેવાજીની ઝારી,
તમે આચમન કરો અવધૂતા રે, રંગ સલોણા (૨)-તમે જમોને ૫

વ્હાલાજી મારા! મોટે ઉપાડે નોતરું દીધું,
જે હતું તે હાજર કીધું રે, રંગ સલોણા (૨)-તમે જમોને ૬

યાચના

પરમાત્મપદે રતિરસ્તુ પરા વરમેકમહં વિનતો યાચે ।
હે રંગ ગુરો ન પરં યાચે ॥ પરમાત્મ.॥

પ્રથિતા તવ દાનપરાયણતા વ્યથિતા બહવો વિહિતાઃ સુખિતાઃ
વિલસન્તિ પદે નિધયો મિલિતા નવ સિદ્ધિયુતા ભવનારાચે...હે રંગ ગુરો. ૧

દૃગિયં પરમાત્મનિ તે નિરતા વિહતા વિષયાઃ સ્વયમેવ ગતાઃ
વિદિતા તવ શાન્તિસુધાનિધિતા કરુણા ચ જને કૃતપૈશાચે...હે રંગ ગુરો. ૨

જનની કરકંજકૃતાહારો વિબુધાવરનીરજલાધારો,
જગતીહ જનો વદ કો નુ પરો યમુદારતરં કૃપણો યાચે...હે રંગ ગુરો. ૩

વિધિમાધવરુદ્રમયી હૃદયે, તવ રાજતિ મૂર્તિરુદસ્તભયે
અભયં ચ વરં ચ કરદ્વિતયે પુનરન્યતરં કમિહાયાચે...હે રંગ ગુરો. ૪

કિમિયં મરુભૂરથવા જલધિઃ ફણિરાડથવા રશનેયમધીઃ
ન હિ તથ્ય વિનિશ્ચયને કૃતધી રધરો **મણિ**રેષ મણૌકાચે...હે રંગ ગુરો. ૫

ચરિતૈરસિ વિસ્મિતયોગિજનો વચસા વિજિતાખિલમૌનિજનઃ
તપસા પરિતાપિતસૌરજનો ભવતેઽસ્તુ નમો જયિનાં પ્રાચે...હે રંગ ગુરો. ૬

વિજનેઽપિ વને નિજવાસકૃતે તરુવલ્કલવસ્ત્રજટાદિભૃતે
કરદંડધૃતે ભવરોગહૃતે ભગવન્ ભવતેઽસ્તુ નમો વાચે...હે રંગ ગુરો. ૭

વિદ્યાભાસ્કર
પંડિત મણિશંકર શાસ્ત્રીજી
વડોદરા.

૮. શ્રીપાદુકાપૂજનના પૂજાપાની વિગત

નોંધ : પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, મનને આનંદ રહે અને ઘરમાં આનંદ પ્રવર્તે તે રીતે ફેરફાર કરી શકાશે.

પૂજનમાં બેસનારે ઉપવાસ કરવો. પુરુષે ધોતિયું અને સ્ત્રીએ સાડી પહેરવાં.

૧. પૂજાપો

૧. કંકુ
૨. ચંદન
૩. સિંદુર
૪. અબીલ
૫. ગુલાલ
૬. નાડાછડી (૨૫ પૈસાની)
૭. ડીંટાવાળાં પાન (દસ)
૮. સોપારી (છ)
૯. એલચી
૧૦. લવીંગ
૧૧. શ્રીફળ (એક)
૧૨. જનોઈ (બે જોટા)
૧૩. અત્તરની શીશી (આલ્કોહોલ વિનાની)
૧૪. કપૂરની ગોટી
૧૫. ધૂપ
૧૬. અગરબત્તી

૨. ફૂલ-ફૂલહાર

૧. ફૂલ (ઋતુ પ્રમાણે) (ગુલાબ, મોગરો, હજારીગોટા વગેરે)
૨. ફૂલના હાર
૩. ફૂલની પાંદડી
૪. તુલસીપત્ર
૫. બીલીપત્ર
૬. ધરો

૩. વસ્ત્ર

૧. અંગુછો-લાલ (ગણપતિજી માટે)
૨. ધોતિયું/પીતાંબર
૩. બે નેપ્કીન (દેવને લૂછવા)

૪. પ્રસાદ :

૧. ફળ-ફળાદિ (ચીકુ, સફરજન, કેળાં વગેરે)
૨. શીંગદાણા, સાકરિયા


ઘરમાંથી મળતી વસ્તુ :

૧. નર્મદાજળ-ગંગાજળ
૨. ચોખા (દસ ગ્રામ)
૩. પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર)
૪. અભિષેકનું દૂધ (એક લિટર)
૫. ઘીમાં બોળેલી ઊભી દીવેટ-૧૫
૬. દીવાસળીની પેટી
૭. ઘીની ડબ્બી (ચમચી સાથે)
૮. બે નેપ્કીન (હાથ લૂછવા)
૯. દીવા માટેનું ફાનસ અથવા તપેલી અને ચારણી
૧૦. પાણીનો ઘડો
૧૧. સંકીર્તનની ચોપડી
૧૨. ઘી-ગોળ

૫. વાસણો વગેરે (ઘરમાંથી) :

૧. ઘંટડી
૨. શંખ
૩. આરતી-એક દીવેટની (ગણપતિ માટે) અને બીજી થાળીમાં શણગારેલી
૪. આસનિયાં
૫. બાજઠ, ટિપાઈ, વગેરે
૬. ત્રણ-ચાર થાળી, છ વાટકી, ત્રણ-ચઢ ઉતરની તપેલી
૭. તરભાણું, પવાલી, આચમની,
૮. અભિષેકપાત્ર, ઘોડી, થાળી

પાદુકા પૂજનનો પ્રારંભ



પાદુકા પૂજનનો પ્રારંભ જ્યાં થાય,
દૂર થકી અવધૂતજી આવતા દેખાય... ટેક.

હે..એક હાથ ઊંચો ને હાથ બીજે લાકડી,
આવે અવધૂત વ્હાલા પહેરી પગે પાવડી,
પાવડીના ખટખટનો રણકો સંભળાય.. દૂર થકી.

હે..મંત્રો બોલાય વળી સંકીર્તન થાય જો,
ભાવ અને ભક્તિથી ભજનો ગવાય જો,
અવધૂતી આનંદનો રંગ રહી જાય.. દૂર થકી.

હે..ધૂન દિગંબરાની રંગ ગવરાવે,
પાપી-ગણુ તો બેસી ઢોલ બજાવે,
દત્ત દિગંબરાની ધૂન મચી જાય.. દૂર થકી.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

- રંગ અવધૂત

ગુરુ પૂર્ણિમા

ગુરુ પૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ. જ્ઞાનસૂર્ય સદ્‌ગુરુનો ભવ્ય આદર્શ સામે રાખી આધ્યાત્મિક આકાશમાં ઊંચે ને ઊંચે ઊડવાની પ્રતિજ્ઞા કરવાનું પુણ્યતમપર્વ.

અને ગુરુ પૂજન એટલે ? જ્ઞાનવૈરાગ્યાદિ ઐશ્વર્યસંપન્ન શ્રીસદ્‌ગુરુના નિર્હેતુક શીતલ વાત્સલ્ય, શરણ પકડનારના અભ્યુદય ને નિઃશ્રેયસ્ માટે સર્વ કાંઇ કરી છૂટવાની નિઃસ્પૃહ તત્પરતા, વિશ્વ કલ્યાણની ભાવના વગેરે અનંત દિવ્યગુણોનું પૂજન, એના ગુરુત્વની સંભાવના, મહત્તાનું સન્માન, એના સદુપદેશને આચરણમાં ઉતારવાના સંકલ્પરૂપ લોકસંગ્રહ માટે કૃતજ્ઞતાદર્શક સમારંભ.

સદ્‌ગુરુ સેવા ભક્તિ

સદ્‌ગુરુને શરણે જવું, ભાવનાપૂર્વક તેમની સેવા કરવી, ગુણોની પ્રશંસા ગાવી વગેરે એની મેળે જ આવે છે. સદ્‌ગુરુ સેવાથી થયેલી તપશ્ચર્યા દ્વારા સંચિત પાપી સંસ્કારોનો નાશ થાય છે. અને ચિત્ત શુદ્ધ થઇ એમની અમોઘ કૃપા-પ્રસન્નતા થાય છે. અને એકવાર ગુરુની કૃપા મળે એટલે જ્ઞાનપ્રાપ્તિ માટે કેટલો વખત લાગે ? અને જ્ઞાનપ્રાપ્તિ થઇ એટલે સર્વ દુઃખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે ? તેથી દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઇ જ સાધન નથી.